PRNo.: SRT-687/2018-2020
Posted at : SURAT RMS / 2 on Dt.03-01-2018
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

page > 2
ઉર્કા તરસાડીયા યુનિવર્સિટીના પદવીદાન સમારોહની તસ્વીરી ઝલક

page > 5
ઇન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલમ્પિયાડમાં એલ.પી. સવાણી ડે બોર્ડિંગ સ્કુલના વિદ્યાર્થીઓ

page > 6
ધો.૧૨ સાયન્સ-કોમર્સના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાઓની ઘોષણાઓ

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com
તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૬૫ ■ વર્ષ : ૧૨ ■ તા.૧ થી ૧૫, જાન્યુઆરી ૨૦૧૮
પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૮૨૫૩-૪૪૯૪૪ ■ ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

## ઈન્ડિયન એરફોર્સમાં એન્ટ્રી માટે ઓનલાઈન પરીક્ષા

ભારતીય વાયુદળમાં ભરતી થવા માટે યુવાનો ઓનલાઇન પરીક્ષા આપીને ભરતી થઈને દેશની સેવા આપી શકશે. મંગળવારે સવારે રક્ષા રાજય મંત્રી સુભાષ ભામરેએ વાયુદળ મુખ્યાલય ખાતે ભારતીય વાયુદળની ઓનલાઇન પરીક્ષા માટેના વેબ પોર્ટલનું ઉધ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારતીય વાયુદળને પ્રધાનમંત્રીનાં 'ડિજિટલ ઈન્ડિયાના વિઝનમાં પ્રદાન કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ (સીડેક) સાથે સંયુક્ત રૂપે ઓનલાઇન પરીક્ષા વ્યવસ્થા વિકસાવવા બદલ ભારતીય વાયુદળને અભિનંદન પણ આપ્યા હતા. ઉદઘાટન દરમિયાન એર માર્શલ એસબી દેવ પીવીએસએમ એવીએસએમ વીએમ વીએસએમ એડીસી વાઇસ ચીફ, એર સ્ટાફ સહિત વાયુ દળનાં વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા.

ભારતીય વાયુદળ, ઓફિસર અને એરમેન કેડરની ભરતી કરવા માટે આઈટી અનેબલ્ડ ઓનલાઈન પરીક્ષા લેનાર સેનાની ત્રણે પાંખોમાં સૌપ્રથમ પાંખ છે. આ દરખાસ્તને રક્ષા મંત્રીએ ૨૪ ઓક્ટોબર ૨૦૧૭નાં રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. સીડેક સાથે જોડાણમાં ભારતીય વાયુદળ જાન્યુઆરી, ૨૦૧૮થી ઓનલાઈન ટેસ્ટિંગનો અમલ કરશે, જે માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭થી શરૂ થશે.

ભારતીય વાયુદળમાં ઓફિસર્સ અને એરમેન કેડર માટે પસંદગીની વ્યવસ્થા સતત બદલાઈ રહી છે અને ટેસ્ટિંગ સિસ્ટમને મજબૂત કરવા સ્થાયી પ્રયાસો કરવામાં આવ્યા છે. વર્તમાન સિસ્ટમ સમયની કસોટી પર ખરી પુરવાર થઈ હોવા છતા ટેસ્ટિંગ ક્ષમતા અને ભૌગોલિક પહોંચનો અવરોધ સૌથી મોટી મર્યાદાઓ હતી, જેથી સમગ્ર દેશનાં લાયક અને કુશળ તમામ ઉમેદવારો, ખાસ કરીને ગ્રામીણ યુવાનો તક મેળવી શકતા નહોતા.

આ વ્યવસ્થા સુધારવા અને તેને ઉમેદવારો માટે સુવિધાજનક બનાવવા, તેની કાર્યદક્ષતા વધારવા ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭નાં રોજ ભારત સરકારની એજન્સી સીડેક સાથે સમજૂતીકરાર (એમઓયુ) થયા હતા. આ પ્રોજેક્ટનો અમલ ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ થી ઓફિસર્સ કેડર માટે એર ફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (એએફસીએટી) અને એરમેન કેડર માટે શિડ્યુલ્ડ ટેસ્ટ ફોર એરમેન રિક્રૂટમેન્ટ (સ્ટાર) દ્વારા થશે.

## સ્કૂલબૅગનો બોજ ઘટાડવા માટે સરકારનો નવતર પ્રયોગ

ઇ-બસ્તાપ્રોગ્રામના ભાગરૂપે સ્ટુડન્ટ્સ તેમની પસંદગી મુજબનું સ્ટડીમટીરિયલ ડાઉનલોડ કરી શકશે, સાથે સ્કૂલોમાં ડિજિટલ બ્લૅકબોર્ડ પણ લગાવવામાં આવશે

કેન્દ્ર સરકારનો શિક્ષણવિભાગ સ્કૂલોના સ્ટુડન્ટ્સનો સ્કૂલબૅગ્સનો બોજ ઘટાડવા માટે 'ઇ-બસ્તાપ્રોગ્રામને ગતિશીલ બનાવી રહ્યો છે. એ પ્રોગ્રામના ભાગરૂપે સ્ટુડન્ટ્સ તેમની પસંદગી મુજબનું સ્ટડી મટીરિયલ ડાઉનલોડ કરી શકશે. એ સાથે સ્કૂલોમાં ડિજિટલ બ્લૅકબોર્ડ પણ લગાવવામાં આવશે.


ઇ-બસ્તા પ્રોગ્રામ બાબતે માનવસંસાધન મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'સ્ટુડન્ટ્સની સ્કૂલબૅગ્સનો બોજ ઘટાડવા માટે શરૂ કરવામાં આવેલા ઇ-બસ્તા પ્રોગ્રામમાં સ્ટુડન્ટ્સ તથા ટીચર્સે ઘણો રસ દાખવ્યો છે. એ પ્લૅટફૉર્મ દ્વારા સ્ટુડન્ટ્સ, ટીચર્સ અને રીટેલર્સ એકબીજાની જરૂરિયાતો પૂરી કરી શકે છે.

કેટલાક દિવસો પહેલાં માનવસંસાધન વિભાગના પ્રધાન પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે 'ડિજિટલ એજ્યુકેશન સિસ્ટમ વડે દેશના તમામ સ્ટુડન્ટ્સને જોડવાના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવતી સ્કૂલોમાં ઑપરેશન ડિજિટલ બ્લૅકબોર્ડ શરૂ કરવામાં આવશે. એ પ્રોગ્રામના ભાગરૂપે ઇ-બસ્તા અને ઈપાઠશાલા પ્રોગ્રામ્સને વેગ આપવામાં આવે છે. નૅશનલ કાઉન્સિલ ફૉર એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ (ગઈછઝ) પહેલા ધોરણથી બારમા ધોરણ સુધીના વર્ગો માટે ઈકન્ટેન્ટ તૈયાર કરે છે. કાઉન્સિલનું એ કામ એક વર્ષમાં પૂરું થવાની અપેક્ષા છે. ગઈછઝના આંકડા મુજબ ૫૩ પ્રકારના ઇ-બસ્તા તૈયાર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૨૯૪ ઇ-બસ્તાઅને ૪૩,૮૦૧ ઈકન્ટેન્ટ ડાઉનલોડ કરવાની કામગીરી પૂરી થઈ ચૂકી છે. માનવસંસાધન વિકાસ મંત્રાલયે ઇ-બસ્તાપ્રોગ્રામના અનુસંધાનમાં તૈયાર કરેલી ઍપ દ્વારા સ્ટુડન્ટ્સ ટૅબ્લેટ, ઍન્ડ્રૉઇડ ફોન વગેરેના માધ્યમથી ઈકન્ટેન્ટ ડાઉનલોડ કરી શકે છે.

## આઈન્સ્ટાઈને આપેલી ખુશ રહેવાની સલાહ ૧૦ કરોડમાં વેચાઈ

**સફળતા પાછળ દોડીને રેસ્ટલેસ થવાને બદલે શાંતિ અને વિનમ્રતાથી જીવવાથી જિંદગીમાં ખુશીઓ આવે છે**

લેજન્ડરી ભૌતિકશાસ્ત્રી આઈન્સ્ટાઈને આવી સલાહ કાગળના એક ટુકડા પર લખેલી. આ કાગળનો ટુકડો તાજેતરમાં ૧.૧૮ મિલ્યન પાઉન્ડ એટલે કે લગભગ ૧૦.૧૨ કરોડ રૂપિયામાં વેચાયો હતો. જર્મન ભાષામાં લખેલી આ સલાહ આઈન્સ્ટાઈને એક હોટેલના વેઈટરને કાગળના ટુકડા પર લખી આપેલી. ૧૯૨૨માં જયારે તેમને ભૌતિકશા સ્ત્રના ક્ષેત્રમાં અનોખા યોગદાન બદલ નોબેલ પ્રાઇઝ આપવાનું જાહેર થયું એના થોડા દિવસ બાદ તેઓ ટોક્યોની એક હોટેલમાં રોકાયેલા. એ વખતે તેમની પાસે ટિપ આપવાના પૈસા નહોતા એટલે તેમણે પોતાનો સામાન ચકવામાં મદદ કરનાર વેઈટરને કાગળ પર આ સલાહ જર્મન ભાષામાં લખી આપેલી અને કહેલું કે જો તું આ સાચવી રાખીશ તો એક દિવસ આ કાગળના તને મળનારી ટિપ કરતાં અનેકગણા રૂપિયા તને રળી આપશે. અને હકીકત સાચી પડી. લગભગ ૯૫ વર્ષ પછી આ કાગળનો ટુકડો ૧૦ કરોડ રૂપિયામાં વેચાયો.



## ભારત-ફિલિપાઈન્સમાંથી યુકે ૫૦૦૦ નર્સો જોબ આપશે

યુકેની નેશનલ હેલ્થ સર્વિસ(એનએચએસ) દ્વારા ભારત અને ફિલિપાઈન્સમાંથી ૫૦૦૦થી વધુ નર્સોને હાયર કરવાની યોજના બનાવાઈ છે. કેમકે બ્રિટનમાં હાલ નર્સોની અનેક જગ્યાઓ ખાલી છે.

એનએચએસમાં ૩૫૦૦૦ નર્સોની જગ્યાઓ ખાલી છે. જેના કારણે આ જગ્યાઓ ભરવા તેના પર ઘણું દબાણ છે. કેમકે બ્રેક્ઝિટના કારણે યુરોપીયન યુનિયનમાંથી નર્સોની સંખ્યા ઓછી થઈ છે.

હેલ્થ એજયુકેશન ઈંગ્લેન્ડના ચીફ એક્ઝિક્યુટિવ પ્રો. ઈયાન ક્યુમિંગે કહ્યું હતું, ભારત માટે 'અર્ન, લર્ન એન્ડ રિટર્ન સ્કીમ અમલી છે. જે ટૂંક સમયમાં ફિલિપાઈન્સ માટે પણ શરૂ કરવામાં આવશે. અમે હાલમાં ભારત અને ફિલિપાઈન્સમાંથી ૫૫૦૦ નર્સ હાયર કરવા માગીએ છીએ.

ભારત નર્સિંગ સ્ટાફમાં ફિલિપાઈન્સ પછી બીજા નંબરનો સૌથી મોટો સપ્લાયર દેશ છે. નર્સિંગ કરીયર અંગે વિશેષ બાબત એ છે કે ભારતમાં શહેરી વિસ્તારનાવિદ્યાર્થીઓને આ કરિયરમાં રસ નથી એટલું જ નહીં પરંતુ, મેલ નર્સ બનવામાં યુવાનોને પણ એક પ્રકારની શરમ આવે છે જ્યારે સાઉથ ઈન્ડિયાના રાજ્યોની યુવતિઓ નર્સ બનવા માટે સખત મહેન કરતી હોય છે.

## યુકેમાં નેશનલ હેલ્થ સર્વિસમાં નર્સોની ૩૫,૦૦૦ જગ્યા ખાલી

## રોજ રાતે સળંગ ૯ કલાક વિડિયો ગેમ રમનારો ૨૦ વર્ષનો યુવક થાકને કારણે મરી ગયો

વીસ વર્ષનો ચીનનો એક યુવક આ ગેમનો જબરો આદી થઈ ગયો હતો. લોન્લી કિંગ નામે તે આ ગેમ રમતો અને મોટા ભાગનો સમય તે ઑનલાઇન ગેમ રમતો જ જોવા મળતો. આ વિડિયો ગેમ સ્ટ્રીમિંગ પ્લૅટફૉર્મ પર તેના ૧,૭૦,૦૦૦ જેટલા ચાહકો થઈ ગયેલા. છેલ્લે તે બીજી નવેમ્બરે લાઇવ પ્લે કરતો જોવા મળ્યોહતો. બસ, એ પછીથી તે ઑનલાઇન જોવા મળ્યોજ નહીં એટલે તેના ચાહકોએ ગેમમાંથી ગાયબ થયેલા યુવકની નોંધ લીધી. તે જુલાઈ મહિનાથી રોજ રાતે રમવાનું શરૂ કરતો અને સવારે નવ વાગ્યા સુધી રમતો જ રહેતો. લોન્લી કિંગ યુવકના પરિવારજનોએ ૧૧ નવેમ્બરે સોશ્યલ મીડિયાના તેના પેજ પર મેસેજ મૂક્યો હતો કે વીસ વર્ષનો યુવક તેના છેલ્લા ગેમિંગસેશન પછી મૃત્યુ પામ્યો હતો. પરિવારજનોનું કહેવું છે કે લાંબા કલાકો સુધી નૉનસ્ટૉપ ગેમ રમીને તે એટલો થાકી ગયો કે થાક અને ઘમાં જ મૃત્યુ પામ્યો હતો. જોકે હજી સુધી તેના મૃત્યુનું ખરું કારણ જાણવા નથી મળ્યું. હજી ઑગસ્ટ મહિનામાં જ ન્યુઝ આવેલા કે વિડિયોગેમનું ઘેલું લાગવાથી ૧૭ વર્ષની ટીનેજરની એક આંખની દૃષ્ટિ ચાલી ગઈ હતી.

**કિંગ્સ ઑફ ગ્લોરી નામની પૉપ્યુલર મોબાઈલ ગેમ દર મહિને લગભગ વીસ કરોડ લોકો રમે છે**

# UTU નો પદવીદાન સમારોહ શાનદાર રહ્યો




દિક્ષાંત સમારોહમાં સ્વાગત પ્રવચન કરતા સંસ્થાના વાઇસ ચાન્સેલર ડો.દિનેશ શાહ













*સુરત નજીક બારડોલી-મહુવા રોડ પર આવેલા માલીબ એજ્યુકેશનલ કેમ્પસમાં ચાલી રહેલી ઉકા તરસાડીયા યુનિવર્સિટીમાં વિતેલા સપ્તાહે વાર્ષિક પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જબરદસ્ત પ્લાનિંગ, જડબેસલાક વ્યવસ્થા અને ચૂસ્ત પ્રોટોકોલ સાથે યોજાયેલો પદવીદાન સમારોહ શાનદાર રહ્યો. પદવીદાન સમારોહ માટે કેમ્પસમાં ઉભો કરવામા ંઆવેલો શામીયાણો અત્યંત આકર્ષક રહ્યો ત્યાંથી શરૂ કરીને પદવીદાન સમારોહની ઝીણામાં ઝીણી બાબતમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે ખાસ તકેદારી રાખવામા ંઆવી હતી. સંસ્થાના વાઈસ ચાન્સેલર ડો. દિનેશ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. પદવી પ્રમાણપત્રો હાંસલ કરનારા વિદ્યાર્થીઓ સ્કાર્ફમાં દિવડાઓની જેમ શોભી રહ્યા હતા. ખરા અર્થમાં દિક્ષાંત સમારોહની જેમ આ સમારોહ યોજાયો હતો. સી.જી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી જુદી જુદી ઈજનેરી ડિગ્રીઓ હાંસલ કરનારા વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓને પદવી પ્રમાણપત્રોની સાથે જીવનના મુખ્ય પ્રવાહમાં ભળવાના ઉંબરે અનેક પ્રકારની ઉપયોગી સલાહ પણ આપવામાં આવી હતી. ડો. દિનેશ શાહે ઉકા તરસાડીયા યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવેલા ઉચ્ચ શિક્ષણનો દિક્ષાર્થી વિદ્યાર્થી માનવ કલ્યાણ માટે ઉપયોગ કરીને સંસ્થાનું નામ રોશન કરે તેવી અપીલ કરી હતી.*

# સ્કુલ-બોર્ડના ભણતરને નજરઅંદાજ કરનારા સેંકડો વિદ્યાર્થીઓ આઈઆઈટીમાં પ્રવેશ વંચિત રહે છે!

જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી (જોસા) ૨૦૧૬ દ્વારા આઇ.આઇ.ટી. અને એન.આઇ.ટી.માં પ્રવેશની પહેલી યાદી જાહેર કરતાં જ ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ પરીણામ ધરાવતા સુરત શહેર જિલ્લામાંથી બહુ જૂજ વિદ્યાર્થીઓને આઇ.આઇ.ટી.માં પ્રવેશ મળી શક્યો છે. એવા પણ ઘણાં વિદ્યાર્થીઓ છે જેમણે એડવાન્સ્ડમાં સારું પરફોર્મન્સ હાંસલ કર્યું હોવા છતાં આઇ.આઇ.ટી.માં પ્રવેશના ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલના ક્રાઇટેરીયમાં ન આવતા સેંકડો તેજસ્વી વિદ્યાર્થીઓ આઇ.આઇ.ટી.માં પ્રવેશની સિસ્ટમમાંથી જ બહાર ફેંકાઇ ગયા છે. અનેક વિદ્યાર્થીઓએ હવે આઇ.આઇ.ટી. છોડીને એન.આઇ.ટી.માં પ્રવેશથી સંતોષ માનવો પડે તેવી નોબત આવી છે.

દેશમાં જ નહીં બલ્કે દુનિયામાં ઇજનેરી શિક્ષણ આપતી ક્વોલિટી ઇન્સ્ટિટ્યુટ ગણાતી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (આઇ.આઇ.ટી.)માં પ્રવેશ માટે અનેક અટપટા નિયમો છે. જે.ઇઇ. મેઇન્સ પરીક્ષામાં ટોચના બે લાખ વિદ્યાર્થી જ આઇ.આઇ.ટી. એડવાન્સ્ડની પરીક્ષા આપી શકે છે. આઇ.આઇ.ટી. એડવાન્સ્ડ પરીક્ષા આપવા સાથે એક ક્રાઇટેરીયા એ પણ ફરજિયાત છે કે જે તે વિદ્યાર્થીએ પોતાના બોર્ડમાં ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલ (ટોચના વીસ પર્સન્ટાઇલ) વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવેલું હોવું જોઇએ. આ વર્ષે આ નિયમને કારણે એડવાન્સ્ડની પરીક્ષામાં પાસ થયેલા અનેક વિદ્યાર્થીઓ પોતાના હોમ બોર્ડની પરીક્ષામાં ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલ વિદ્યાર્થીમાં નહીં

## પોતાના બોર્ડમાં ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલ વિદ્યાર્થીની યાદીમાં સ્થાન નહીં પામી શકેલા વિદ્યાર્થીઓને આઈઆઈટીમાં પ્રવેશ નહીં મળ્યો

આવતા તેમણે આઇ.આઇ.ટી.માંથી પ્રવેશ વંચિત રહેવાનો વારો આવ્યો છે.

જોઇન્ટ સીટ એલોકેશન ઓથોરિટીએ આજે એડમિશન એલોટમેન્ટનું પહેલું લિસ્ટ જાહેર થતા અનેક વિદ્યાર્થીઓએ આઇ.આઇ.ટી.ને બદલે એન.આઇ.ટી.માં પ્રવેશ મળ્યો હતો તપાસ કરાતાં જાણવા મળ્યું કે તેમના ધો.૧૨ના માર્કસ અનુસાર તેઓ તેમના બોર્ડના ટોચના વીસ પર્સન્ટાઇલ વિદ્યાર્થીઓની યાદીમાં સામેલ નથી. જોસાએ દેશના દરેક બોર્ડમાં કુલ ૫૦૦ વિષયમાંથી કેટલા માર્કસ આવે તો ટોપ ટ્વેન્ટી પર્સન્ટાઇલમાં આવે તેના કટઓફ માર્કસ પણ આ સાથે જાહેર કર્યા છે જેથી વિદ્યાર્થીઓને ખબર પડે કે તેઓને કેમ આઇ.આઇ.ટી.માં પ્રવેશ મળ્યો નથી.

### અનેક ટ્યુશન ક્લાસીસોના સંચાલકોની ગેરેન્ટી પોકળ નિવડી

પોતાના ટ્યુશન ક્લાસીસમાં કોચિંગ લેનાર વિદ્યાર્થીઓને આઇ.આઇ.ટી.માં એડમિશન કન્ફર્મ મળશે તેવી ગુલબાંગો હાંકનાર શહેરના અનેક કોચિંગ ક્લાસીસોના સંચાલકોએ વિદ્યાર્થી અને તેમના વાલીઓને આકર્ષવા માટે આપેલી ગેરેન્ટીઓ એક પ્રકારના 'બોલબચ્ચન' એટલે કે પોકળ નિવડી છે. વિદ્યાર્થીઓની પાસે ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવી પણ સ્કુલ અને બોર્ડના સિલેબસની અવગણના ક્લાસીસોના સંચાલકોએ કરતા અનેક વિદ્યાર્થીઓએ આઇ.આઇ.ટી. જેવી સંસ્થાઓથી વંચિત રહેવાનો વખત આવ્યો છે.

### આઈઆઈટીમાં પ્રવેશ માટે આ નિયમને અવગણવું ભારે પડે તેમ છે

ધો.૧૨ પીસીએમમાં ભણતા વાલીઓ અને વિદ્યાર્થીઓને ધંધાદારી કોચિંગ ક્લાસીસોના સંચાલકો એવી જ પટ્ટી પઢાવતા હોય છે કે મેઇન્સ અને એડવાન્સ્ડમાં સ્કોર આવે એટલે પ્રવેશ મળવાનો જ છે. ધો.૧૨માં બોર્ડની પરીક્ષામાં પાંચ મુખ્ય વિષયોમાં મેળવાયેલા માર્કસ પણ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે એવા નિયમને નંજરઅંદાજ કરવાથી શું પરીણામ આવી શકે એ હાલમાં વિદ્યાર્થીઓની સ્થિતિ પરથી જોઇ, જાણી શકાય છે. આઇ.આઇ.ટી.માં પ્રવેશ માટેના ક્રાઇટેરીયા (૧) જેઇઇ મેઇન્સની પરીક્ષામાં દેશમાં પહેલા બે લાખ વિદ્યાર્થીઓમાં સ્થાન પામવું ફરજિયાત (૨) વિદ્યાર્થીઓએ પોતાના બોર્ડમાં ટોચના વીસ પર્સન્ટાઇલ વિદ્યાથીઓની યાદીમાં આવવું ફરજિયાત

# એક સ્કૂલ એવી જેના બધા વિદ્યાર્થી બન્ને હાથેથી લખી શકે છે



*ભારતના સૌપ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ બન્ને હાથે લખી શકતા હતા એ જોઈને મધ્ય પ્રદેશના પાંખી વસ્તી ધરાવતા બુધેલા ગામની વીણા વંદિની સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓને બન્ને હાથે લખતાં શીખવાની બાકાયદા તાલીમ આપવામાં આવે છે. સ્કૂલના ફાઉન્ડર વી. પી. શર્માનું એ સપનું હતું. પ્રથમ રાષ્ટ્રપતિની બન્ને હાથે લખવાની કુશળતા જોઈને સ્કૂલના સંસ્થાપક શર્માજીએ પણ પોતાની સ્કૂલમાં ભણતાં બાળકોને બેઉ હાથે લખતાં શીખવવાનું નક્કી કરેલું. આ સ્કૂલમાં દાખલ થનાર દરેક વિદ્યાર્થીને રોજ ૧૫ મિનિટનો એક પિરિયડ હોય છે જેમાં તેમને બન્ને હાથે લખવાનું શીખવવામાં આવે. ટીચર્સનું કહેવું છે કે બાળકો ત્રીજા ધોરણમાં આવે ત્યાં સુધીમાં બન્ને હાથે ભાંગ્યુંતૂટ્યું લખતાં શીખી જાય છે. સાતમા અને આઠમા ધોરણના તમામ વિદ્યાર્થીઓ બન્ને હાથે લગભગ એકસરખી સ્પીડમાં સુવાચ્ય અક્ષરે લખતાં શીખી જાય છે. કેટલાક વિદ્યાર્થીઓ એકસાથે એક જ સમયે બે અલગઅલગ કાગળમાં અલગઅલગ લખાણ લખી શકે છે. વીણા વંદિની સ્કૂલમાં બાળકોને એકબે નહીં, ચારથી પાંચ ભાષાઓ શીખવવામાં આવે છે. એક જ સમયે બે અલગઅલગ ભાષામાં એક જ શબ્દ લખવાની તાલીમ પણ અહીં આપવામાં આવે છે. આ કુશળતા બાળકના મગજની એકાગ્રતાની જબરી કસોટી કરે છે અને મગજ ખૂબ જ સતેજ થાય છે એવું તેઓ માને છે. જોકે એકસાથે બે હાથેથી લખવાની આદતથી મગજને નુકસાન થાય છે એવું અમેરિકન અભ્યાસોમાં કહેવામાં આવ્યું છે. જોકે આ સ્કૂલના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ આ કળામાં માહેર છે.*

# પીપી સવાણી યુનિવર્સિટીને વિદ્યાર્થીઓ પાસેથી વસુલેલી વધારે ફી પરત કરવા આદેશ અપાયો

ફી રેગ્યુલેટરી કમિટીએ રાજયની ત્રણ કોલેજોને સ્ટુડન્ટ્સને ૪૮.૧ લાખ રુપિયા રિફંડ કરવાનો આદેશ આપ્યો છે. આ કોલેજો કલોલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, નવરચના યૂનિવર્સિટી વડોદરા અને પી.પી.સવાની યૂનિવર્સિટી સુરત છે. ફી રેગ્યુલેટરી કમિટીને આ કોલેજો વિરુદ્ધ ફરિયાદો મળતા કમિટીએ તપાસ કરી હતી અને તપાસમાં જાણ્યું કે ફરિયાદો ખરેખર સાચી હતી. કલોલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની વાત કરીએ તો, આ કોલેજે એન્જિનિયરિંગના ૨૨ વિદ્યાર્થીઓ પાસેથી ૨.૩૧ લાખ રુપિયા વધારાના લીધા હતા.

કોલેજને આ વધારાના પૈસા રિફંડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે, નવરચના યૂનિવર્સિટીએ ખઇઅ કોર્સમાં એડમિશન લેનાર ૧૪૩ વિદ્યાર્થીઓ પાસેથી કુલ મળીને ૩૩.૧૪ લાખ રુપિયા વધારાના લીધા હતા. ઋછઈએ આ પહેલા આ યૂનિવર્સિટીને ૧૦૯ સ્ટુડન્ટ્સને ૨૦.૪૯ લાખ રુપિયા રિફંડ કરવાનો આદેશ આપ્યો હતો અને હવે ૩૪ વિદ્યાર્થીઓને ૧૨.૬૫ લાખ રિફંડ આપવાનો આદેશ આપ્યો છે.

પી.પી.સવાણી યૂનિવર્સિટીએ ૧૬૯ વિદ્યાર્થીઓ પાસેથી ૧૨.૬૬ લાખ રુપિયા વધારાના લીધા હતા. એફ.આર.સી. કમિટીના સભ્ય જૈનિક વકીલ કહે છે કે, અમે એક સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે કોલેજ દ્વારા વસુલવામાં આવતી વધારે પડતી ફીને કોઈ પણ ભોગે ચલાવી નહીં લેવાય. જો અમને વિદ્યાર્થીઓ પાસેથી ફરિયાદ મળશે અમે કાર્યવાહી કરીશુ અને સુનિશ્ચિત કરીશું કે તેમને રિફંડ મળી જાય.

## રાજયની ત્રણ કૉલેજોને વિદ્યાર્થીઓનાં ૪૮ લાખ રિફંડ કરવાનો આદેશ

# ડીમ્ડ સંસ્થાઓ પોતાના નામની પાછળ યુનિવર્સિટી નહીં લખી શકે

યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન (યુજીસી) દ્વારા જે સંસ્થાઓને ‘ડીમ્ડ યુનિવર્સિટી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે તેવી સંસ્થાઓ હવે પોતાના નામની પાછળ યુનિવર્સિટી શબ્દ પ્રયોગ કરી શકશે નહી તેવો આદેશ કરવામાં આવ્યો છે. જે સંસ્થાઓ ડીમ્ડ યુનિવર્સિટી એવો શબ્દપ્રયોગ કરશે તેની સામે પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે. યુજીસી દ્વારા હાલમાં દેશની ૧૨૩ જેટલી ડીમ્ડ સંસ્થાઓને આ અંગેની નોટિસ પણ મોકલી આપવામાં આવી છે. યુજીસી દ્વારા દેશમાં ૧૨૩ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ એવી છે કે જેમને ‘ડીમ્ડ તરીકે માન્યતા આપવામાં આવી છે. પરંતુ આ સંસ્થાઓ પૈકી અનેક સંસ્થાઓ એવી છે કે જેઓ પોતાના નામની આગળ યુનિવર્સિટી એવો શબ્દ પ્રયોગ કરે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપેલા એક ચુકાદાના આધારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન દ્વારા દરેક ડીમ્ડ સંસ્થાઓને યુનિવર્સિટી નામનો ઉપયોગ ન કરવા આદેશ કરી દેવાયો છે. ખાસ કરીને હરિયાણા અને કર્ણાટકની અનેક ડીમ્ડ સંસ્થાઓ પોતાના નામની આગળ યુનિવર્સિટી શબ્દ પ્રયોગ કરતી હતી.ગુજરાતમાં પણ બે ડીમ્ડ સંસ્થાઓ ગૂજરાત વિદ્યાપીઠ અને સુમનદીપ વિદ્યાપીઠ કાર્યરત છે પરંતુ તેઓ પોતાના નામની પાછળ વિદ્યાપીઠ શબ્દ પ્રયોગ કરતી હોવાથી કોઇ મુશ્કેલી થાય તેમ નથી. યુજીસી દ્વારા ૧૨૩ સંસ્થાઓને નોટીસ મોકલીને જો યુનિવર્સિટી નામનો ઉપયોગ કરતી હોય તો તે બંધ કરવા સૂચના આપી દેવામાં આવી છે. જે સંસ્થાઓ યુજીસીની આ સૂચના પછી પણ ડીમ્ડ યુનિવર્સિટી એવો શબ્દ પ્રયોગ ચાલુ રાખશે તેની સામે કાયદાકીય પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે. નોંધનીય છે કે યુનિવર્સિટી સિવાય કોઈપણ શબ્દ પ્રયોગ કરવા સામે યુજીસી દ્વારા કોઇ વાંધો લેવામાં આવ્યો નથી. સૂત્રો કહે છે આગામી દિવસોમાં યુજીસી દ્વારા પ્રાઈવેટ યુનિવર્સિટી સામે પણ કડક કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી છે.

# હાયર એજયુકેશન કાઉન્સિલના હોદ્દેદારોની નિમણૂકોની ગતિવિધીઓ શરૂ

ગુજરાતના હાયર એજયુકેશનમાં પ્રવર્તતી વિસંગતતા દૂર કરીને એકસૂત્રતા લાવવા માટે હાયર એજયુકેશન કાઉન્સિલની રચના કરવામાં આવી છે. વિધાનસભામાં આ બિલને મંજૂરી આપી દેવામાં આવી હતી. રાજયપાલે લાંબો સમય સુધી આ બિલ પડયું રહેવા દીધા બાદ આખરે સહી કરીને મંજૂરીની મહોર મારી દીધી છે. જેના કારણે તા.૧લી મેથી કાઉન્સિલ અસ્તિતત્વમાં આવી જશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. પરંતુ ચૂંટણીનું વર્ષ હોવાથી સરકાર દ્વારા તાકીદે કાઉન્સિલ અસ્તિત્વમાં લાવવાના બદલે ધીમે ધીમે કામગીરી કરવાનું નક્કી કર્યું હતું. હવે ચૂંટણી પૂર્ણ થઇ ચૂકી છે, ભાજપ સરકાર યથાવત રહેતા હવે મક્કમ રીતે કાઉન્સિલની રચના કરવાની પ્રક્રિયા શરૂ કરાશે. નવી સરકાર કાર્યરત થયા બાદ સભ્યોની નિમણૂક કરવાની કાર્યવાહી કરાશે.

ગુજરાતમાં હાયર એજયુકેશન કાઉન્સિલની રચનાની જાહેરાત સાથે જ શિક્ષણક્ષેત્રમાં ભૂકંપ આવી ગયો હતો. અમદાવાદવડોદરા, સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં આ કાઉન્સિલ સામે જોરદાર વિરોધ ભો થયો હતો. ભારે વિવાદ અને વિરોધના કારણે કાઉન્સિલની રચનામાં સામાન્ય ફેરફારો પણ કરવા પડયા હતા. વિધાનસભામાં આ બિલને મંજૂરી કરાવ્યા પછી પણ ઘણા સમય સુધી રાજયપાલની સહી ન થતાં અમલ અટકી પડયો હતો. છેવટે રાજયપાલે સહી કરતાં જ ૧લી મેથી કાઉન્સિલ અસ્તિત્વમાં આવી જશે તેવી અનૌપચારિક જાહેરાત ગાંધીનગરથી થઇ ચૂકી હતી. કાઉન્સિલમાં કરાયેલી જોગવાઇ પ્રમાણે હોદ્દેદારોની નિમણૂકની તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ હતી. જો કે, અગમ્ય કારણોસર કાઉન્સિલમાં હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયા અટકાવી દેવાઈ હતી. ચૂંટણી હોવાથી કાઉન્સિલની રચના કરાય તો ચૂંટણી પર સીધી અસર પડે તેમ હોવાથી સરકાર દ્વારા હોદ્દેદારોની નિમણૂક સહિતની તમામ કામગીરી અટકાવી દેવાઈ હતી. શિક્ષણવિદ્દો માનતા હતા તે પ્રમાણે ફરીવાર ભાજપ સરકાર અસ્તિત્વમાં આવતાં નવેસરથી કાઉન્સિલમાં હોદ્દેદારોની નિમણૂક અંગેની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે.

## કાઉન્સિલમાં સ્થાન મેળવવા લોબીંગ શરૂ

કાઉન્સિલનું સ્ટ્રકચર એટલે કે માળખુ જાહેર કરી દેવાયું છે. કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ એમ, બે મહત્વની બોડી અસ્તિત્વમાં આવશે. કાઉન્સિલ એ સેનેટની કામગીરી કરશે. જયારે એક્ઝિ. કાઉન્સિલએ સિન્ડિકેટની જેમ કામગીરી કરશે. કાઉન્સિલમાં મુખ્યમંત્રી પ્રેસિડન્ટ તરીકે, શિક્ષણમંત્રી વાઇસ પ્રેસિડન્ટ, એમઓએસ ડેપ્યુટી વાઇસ પ્રેસિડન્ટ ઉપરાંત એજયુકેશન, ફાયનાન્સ, ઇન્ડસ્ટ્રી ,લેબર, સ્પોર્ટસ, કલ્ચરલ વગેરે વિભાગના સેક્રેટરી હોદ્દાની રૂએ સભ્ય ગણાશે. કમિશનર હાયર એજયુકેશન, ટેકનિકલ વિભાગ અને મેડિકલ કમિશનર પણ સભ્ય રહેશે. આ ઉપરાંત પાંચ કુલપતિ, પ્રોવોસ્ટ, નામાંકિત સંસ્થાઓમાંથી એક એક સભ્ય અને ૩ એકેડેમિક પર્સન રહેશે. જયારે એક્ઝિ. કાઉન્સિલમાં ચેર પર્સનની નિમણૂક કરાશે. ચેર પર્સનની નિમણૂક માટે ટૂંક સમયમાં સર્ચ કમિટીની રચના કરાશે. આ સિવાય ઉપરની બોડીના સભ્યો અને આઠ કુલપતિ, ૩ શિક્ષણશા સ્ત્રી અને ૫ સભ્યો અન્ય બોડીમાંથી લેવાશે.એક્ઝિ.કાઉન્સિલમાં મુખ્ય સત્તા ચેરપર્સન પાસે રહેશે. આ કમિટીમાં કુલપતિઓની પણ નિમણૂક થવાની છે. જેના કારણે રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓના કુલપતિઓએ કાઉન્સિલમાં સ્થાન મેળવવા માટે લોબીંગ શરૂ કરી દીધું છે.

# જીટીયુએ વિદ્યાર્થીઓના નામે ખાનગી કંપનીને ધંધો આપવાના કરાર કર્યા

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા ઈન્ટર્નશીપ અંતર્ગત વિદ્યાર્થીઓને ૧૦ દિવસની ઔદ્યોગિક તાલીમ આપવા માટે લાર્સન એન્ડ ટુબ્રો કંપની સાથે કરાર કરાયા છે. મહત્વની વાત એ કે આ કરાર અંતર્ગત ઈન્ટર્નશીપ કરવા જતાં વિદ્યાર્થીઓએ ૮થી ૧૦ હજાર રૂપિયા ભરવાના રહેશે. અગાઉ પણ વિદ્યાર્થીઓ રૂપિયા ભરીને જે તે ઈન્ડસ્ટ્રીઝમાં ઈન્ટર્નશીપ કરતા હતા. યુનિવર્સિટીએ આ ખાનગી કંપની સાથે કરાર કરીને બેઠા બેઠા વિદ્યાર્થીઓ અને રૂપિયા બન્ને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી આપી છે.

ટેકનોલોજિકલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના નામે ખાનગી કંપનીઓને ધંધા માટેનુ ‘પ્લેટફોર્મપુરુ પડાતું હોય તે પ્રકારના ખઘઞ કરાઈ રહ્યા હોવાની ચર્ચા શરૂ થઇ છે. તાજેતરમાં યુનિવર્સિટીએ એક ખાનગી કંપની સાથે કરાર કર્યા હતા. કરાર અંતર્ગત આ ખાનગી કંપની દ્વારા વિદ્યાર્થીઓને ૧૦ દિવસની ઈન્ટર્નશીપ કરાવાશે. જેમાં વિદ્યાર્થીઓએ ૮થી લઈને ૧૦ હજાર રૂપિયા રકમ ભરવાની રહેશે.

યુનિવર્સિટીને સરકાર દ્વારા ‘કરોડો રૂપિયાનું ફંડ અપાય છે આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને મફતમાં ઈન્ટર્નશીપ થાય તેવી વ્યવસ્થાના બદલે વિદ્યાર્થી દીઠ ૧૦ હજાર રૂપિયા લઈને ઈન્ટર્નશીપ કરાવવા માટેના ‘કરાર કરવામાં આવે છે. કોલેજ સંચાલકો કહે છે ખરેખર યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓનું હિત કરવું હોય તો ઈન્ટર્નશીપના બદલામાં સ્ટાઈપેન્ડ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આ પ્રકરણમાં ઉલટાનું વિદ્યાર્થીઓએ રૂપિયા ભરવા પડે તેમ છે. યુનિવર્સિટી સત્તાધીશો કહે છે ખાનગી કંપની ૧૫ હજાર રૂપિયા લેતી હતી પણ યુનિવર્સિટીએ ૮થી ૧૦ હજાર રૂપિયા કરાવ્યા છે.

# પોપ્યુલેશન બોંબ

સંયુક્ત રાષ્ટ્રનો લેટેસ્ટ અહેવાલ કહે છે કે ૨૦૩૦ સુધીમાં વિશ્વની વસ્તી ૮ અબજને પાર કરી જશે. વધુ ચોંકાવનારી વાત એ છે કે આગામી સાત જ વર્ષમાં ભારત વસ્તીની દૃષ્ટિએ ચીનને ઓવરટેક કરીને ૧.૪૪ અબજના આંકડાને ક્રૉસ કરી જશે અને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બનશે. ફૅક્ટ્સ અને ફિગર્સના દૂરબીનમાંથી જોઈએ તો આ દુનિયાનું ડરામણું અને અનોખું કલાઈડોસ્કોપિક દૃશ્ય જોવા મળે છે

ધ વર્લ્ડ પૉપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ : ધ ૨૦૧૭ રિવિઝન જેવું તદ્દન બોરિંગ અને એકદમ સૂકુંભઠ ટાઈટલ ધરાવતો એક અહેવાલ ગયા બુધવારે યુનાઈટેડ નેશન્સે બહાર પાડ્યો. આમ તો આવા રિપોર્ટ્સ વિશે આપણે લાઈફની એક સેકન્ડ પણ ન બગાડીએ, પરંતુ સમાજશા સ્ત્રીઓ, આંકડાશા સ્ત્રીઓ, અર્થશા સ્ત્રીઓ, રાજકારણીઓ વગેરેને આ રિપોર્ટ્સથી ટેન્શન થઈ ગયું છે. જોકે ખરેખરું ટેન્શન આપણને એટલે કે આઝાદ ભારતના નાગરિકોને થવું જોઈએ, કેમ કે વિશ્વના વસ્તીવધારાની પૅટર્નને તપાસીને બહાર પાડવામાં આવેલા આ અહેવાલમાં સોયઝાટકીને કહી દેવાયું છે કે આગામી તેર વર્ષમાં વિશ્વની વસ્તી અત્યારના ૭.૫૧ અબજથી વધીને ૮.૬૦ અબજ થઈ જશે. ૨૦૫૦ સુધીમાં દુનિયાની વસ્તી ૯.૮ અબજ હશે. જયારે ૨૧૦૦ સુધીમાં આ દુનિયા પર ૧૧.૨ અબજ લોકો ધક્કામુક્કી કરતા હશે. ભારત માટે ચિત્ર ઓર બિહામણું છે.

અત્યારે આપણા દેશમાં ઑલરેડી ૧.૩૪ અબજ કરતાં પણ વધુ લોકો રહે છે. આપણો વસ્તીવધારાનો દર જોતાં ૨૦૨૪ સુધીમાં આપણા દેશમાં ૧.૪૪ લોકો ભરાતા હશે. ચીનની અત્યારની વસ્તી ૧.૪૧ અબજ છે અને આગામી સાત વર્ષમાં આપણે ઍટ લીસ્ટ વસ્તીની બાબતમાં ચીન કરતાં આગળ નીકળી જઈશું. એ રીતે વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા દેશનું બહુમાન આપણને મળશે.

આપણા માટે ચિંતાજનક બાબત એ છે કે આગામી ઍટ લીસ્ટ ત્રણ દાયકા સુધી આપણી વસ્તી આ જ રીતે વધતી રહેવાની છે. યાનિ કિ ૨૦૩૦ સુધીમાં ભારતમાં વસ્તીનો આંકડો ૧.૫૦ અબજ અને ૨૦૫૦માં ૧.૬૬ અબજ હશે. એ પછી કંઈક આપણે ત્યાં વસ્તી વધવાની ગતિ સ્થિર થશે અને ત્યાર પછીના દાયકાઓમાં ધીમે ધીમે ઘટશે. જયારે ચીનની બાબતમાં પૉઝિટિવ બાબત એ છે કે ઑલરેડી ચીનની વસ્તી સ્થિર થવા પર પહોંચી ગઈ છે. જયારે ૨૦૩૦ પછી તો તે ઘટવા માંડશે અને આગામી સાત દાયકામાં એ ઘટીને એક અબજ પર પહોંચી જશે.

આની સામે વિરોધાભાસ એ છે કે સિત્તેર અને એંસીના દાયકામાં આપણે ત્યાં એક સરેરાશ  સ્ત્રી પાંચેક સંતાન પેદા કરતી હતી, જયારે આજે એ પ્રમાણ બે કે ત્રણ બાળકોનું છે. સરકાર ગમે એટલા ધમપછાડા કરે, પરંતુ એક પરિવારદીઠ બેથી ઓછાં બાળકો જન્મે એ સ્થિતિ લાવતાં હજી ત્રણેક દાયકા લાગી જવાના છે. જોકે સાથોસાથ એ પણ નોંધવું જોઈએ કે નેવુંના દાયકામાં સરેરાશ ભારતીય ૫૯.૨ વર્ષ જીવતો હતો, જયારે છેલ્લાં બે વર્ષમાં ભારતીયોનું સરેરાશ આયુષ્ય વધીને લગભગ ૬૯ વર્ષ થયું છે. મતલબ કે ભારતમાં એન્ટ્રી લેતા લોકોની સંખ્યા વધી છે, પરંતુ એની સામે ભારતમાંથી કાયમ માટે એક્ઝિટ લેતા લોકોની સ્પીડમાં ઘટાડો થયો છે. વસ્તીવધારાનું આ એક મોટું કારણ છે.

ટેક્નૉલૉજીના પ્રતાપે આળસુ થયેલી લાઈફસ્ટાઈલ હોય કે ખાણીપીણીની ખોટી ટેવો, સ્ટ્રેસ વગેરે કારણો હોય, પરંતુ સમગ્ર વિશ્વના લોકોની ફર્ટિલિટી પણ ઘટી છે અને બાળકો પેદા કરીને પરિવાર વધારવાની વૃત્તિમાં પણ ઘટાડો થયો છે. એમ છતાં આ દુનિયાના રંગમંચ પર દરવર્ષે ૮.૩૦ કરોડ નવાં પાત્રો એન્ટ્રી લે છે.

સંયુક્ત રાષ્ટ્રે પોતાના અહેવાલમાં વિશ્વના ૨૩૩ દેશોને ગણતરીમાં લીધા હતા. એના રિપોર્ટનું કહેવું છે કે ૨૦૫૦ સુધીમાં ભારત, નાઈજીરિયા, કૉન્ગો, પાકિસ્તાન, ઈથિયોપિયા, ટાન્ઝાનિયા, અમેરિકા, યુગાન્ડા અને ઈન્ડોનેશિયા એમ નવ દેશોમાં જ વિશ્વની અડધોઅડધ વસ્તી ધબકતી હશે. બાય ધ વે, વસ્તી વધારવાના દરમાં આપણા કરતાં આફ્રિકાના દેશો (ત્યાંની દારુણ ગરીબી અને અશાંત સામાજિકરાજકીય પરિસ્થિતિ છતાં) આગળ છે. આગામી ત્રણ દાયકામાં આફ્રિકા ખંડના ૨૬ દેશમાં વસ્તી અત્યારના કરતાં સીધી ડબલ થઈ જવાની છે.


સંતાનો પેદા કરવામાં સૌથી આળસુ લોકો યુરોપિયનો છે. ત્યાંની પ્રત્યેક  સ્ત્રી સરેરાશ ૧.૬ બાળકને જન્મ આપે છે, જયારે સૌથી વધુ કામગરા એવા આફ્રિકનોમાં ત્યાંની પ્રત્યેક  સ્ત્રી ૪.૭ બાળકને જન્મ આપે છે.

૧૮૦૪માં વિશ્વની વસ્તીએ ઈતિહાસમાં સૌપ્રથમ વખત એક અબજનો આંકડો પાર કર્યો. ત્યાર પછી પૃથ્વી પર બીજા સો કરોડ લોકો ઉમેરાતાં ખાસ્સાં સવાસો વર્ષ લાગી ગયાં. છેક ૧૯૨૭માં વિશ્વની વસ્તી બે અબજ પર પહોંચી. એ પછીનો વસ્તીવધારાનો ગ્રાફ જોઈએ તો ૧૯૬૦માં ૩ અબજ, ૧૯૭૪માં ૪ અબજ, ૧૯૮૭માં પાંચ અબજ, ૧૯૯૯માં ૬ અબજ અને ૨૦૧૧માં ૭ અબજ પર પહોંચી. હવે નવા અનુમાન પ્રમાણે આગામી તેર વર્ષની અંદર આખી દુનિયા પર ૮ અબજ લોકો વિહરતા હશે, જયારે ૨૦૪૬માં પૃથ્વીની વસ્તી ૯ અબજને પાર કરી જશે.

કાળક્રમે વધતી ગયેલી વસ્તીની પૅટર્ન જોઈએ તો એક વસ્તુ એ પણ ધ્યાનમાં આવે છે કે સાયન્સ અને ટેક્નૉલૉજી વધતાં ગયાં, વધતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટેનાં ગર્ભનિરોધનાં સાધનો જેમજેમ વધતાં ગયાં છે એમ વસ્તી ઘટવાને બદલે કે સ્થિર રહેવાને બદલે વધતી રહી છે.

આજની તારીખે વિશ્વના સાઠ ટકા કરતાં પણ વધારે લોકો પાસે ગર્ભનિરોધનાં સાધનો ઉપલબ્ધ છે, પરંતુ ઈન્ટરેસ્ટિંગ વાત એ છે કે આખી દુનિયાની ત્રીજા ભાગની વસ્તી અકસ્માતે જન્મેલાં કે વણજોઈતાં સંતાનોની જ બનેલી છે.

આ દુનિયામાં વસ્તીવધારાનો દર ૧.૧૫ ટકા જેટલો છે. સાઠના દાયકામાં આ દર વધીને બે ટકાના આંકને વટાવી ગયો હતો.




અત્યારે ભારતની વસ્તી ૧.૩૧ અબજ છે, જયારે ચીનની વસ્તી ૧.૩૭ અબજ છે. મતલબ કે ભારત અને ચીન વસ્તીની બાબતમાં એકદમ નેક ટુ નેક ચાલી રહ્યા છે. ચીને ખાસ્સાં વર્ષો સુધી વન ચાઈલ્ડ પૉલિસીનો કડક અમલ કરાવીને પોતાને ત્યાં વસ્તીવધારાના દરને ઘણે અંશે કાબૂમાં રાખ્યો હતો. હવે જોકે એણે આ પૉલિસી ફગાવી દીધી છે, પરંતુ અર્થતંત્રની બાબતમાં ચીન કરતાં ભારતમાં વસ્તીવધારાનો દર આપણા વિકાસને અનહદ રીતે ગૂંગળાવી રહ્યો છે. ભારત અને ચીનની ગંજાવર વસ્તીઓના ટોટલને કારણે એશિયા દાયકાઓથી વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો ખંડ બની રહ્યો છે.

વિશ્વની વસ્તીમાં ચીન ૧૯ ટકા અને ભારત ૧૮ ટકા હિસ્સો ધરાવે છે. મતલબ કે વિશ્વની ૩૭ ટકા વસ્તી તો આ બે પાડોશી દેશોમાં જ વસેલી છે.

ક્યારેક એવો સવાલ પણ થાય કે આદિકાળથી અત્યાર સુધીમાં પૃથ્વી પર જન્મીને ગુજરી ગયેલા કુલ માણસોની સંખ્યા કેટલી થતી હશે? અલગઅલગ પૅરામીટર્સને ધ્યાનમાં લઈને નૃવંશશા સ્ત્રીઓએ કાઢેલો આંકડો છે, ૧૦૦ અબજથી ૧૧૫ અબજ. એક અંદાજ પ્રમાણે ઈશુ ખ્રિસ્તના જન્મ સમયે આખી દુનિયાની વસ્તી હતી માત્ર ૩૦ કરોડ.

અન્ય એક આંકડા પ્રમાણે આ પૃથ્વી પર દર સેકન્ડે પાંચ લોકો જન્મે છે અને બે વ્યક્તિ મૃત્યુ પામે છે. મતલબ કે આ પૃથ્વી પર અવતરતા લોકોનું પ્રમાણ ખાસ્સું વધારે છે.

વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોની યાદી બનાવવા બેસીએ તો ચીન અને ભારત પછી અનુક્રમે અમેરિકા (૩૨ કરોડ), ઈન્ડોનેશિયા (૨૬ કરોડ), બ્રાઝિલ (૨૦.૭ કરોડ), પાકિસ્તાન (૧૯ કરોડ), નાઈજીરિયા (૧૮ કરોડ), બંગલા દેશ (૧૬ કરોડ), રશિયા (૧૪ કરોડ) વગેરે દેશો આવે છે.

સૌથી ઓછી વસ્તી ધરાવતા દેશ તરીકે સત્તાવાર માન્યતા વિશ્વના સૌથી ટચૂકડા દેશ એવા વૅટિકન સિટીને મળેલી છે. એકદમ લેટેસ્ટ આંકડા પ્રમાણે ત્યાં પર્મનન્ટ રેસિડન્ટ્સની સંખ્યા ઓન્લી ૭૯૨ જ છે. ત્યાર પછીના ક્રમે ન્યુ ઝીલૅન્ડ પાસે આવેલો ટોકલાઉ ટાપુ ૧૩૦૦ લોકોની વસ્તી સાથે ભેંકાર દેશોની યાદીમાં બીજા ક્રમે છે. આવો જ બીજો એક દ્વીપદેશ નુએમાં ૧૬૧૮ લોકો વસે છે. એ પછી ફૉકલૅન્ડ આઈલૅન્ડ્સ, સેન્ટ હેલેના, મૉન્ટસેરેટ, સેન્ટ પિયર ઍન્ડ મિકેલૉન, તુવાલુ, નાઉરુ વગેરે દ્વીપદેશોમાં એટલી ઓછી વસ્તી છે કે એનાથી વધારે તો આપણે ત્યાંના એક હાઈરાઈઝ બિલ્ડિંગ કે સોસાયટીમાં હોય.

દુનિયા અત્યારે ઈતિહાસના સૌથી મોટા રેફ્યુજી સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. અત્યારે વિશ્વની સાડાસાત અબજની વસ્તીમાંથી ૬.૫૩ કરોડ લોકો તો શરણાર્થી તરીકે જીવે છે. યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ઑફ રેફ્યુજીસ દ્વારા બહાર પાડવામાં આવેલો આ આંકડો પણ બે વર્ષ જૂનો છે. એ પછી વણસેલી સિરિયન કટોકટીમાં શરણાર્થીઓની સંખ્યામાં ક્યાંય વધારો થયો હશે. વિશ્વમાં સૌથી વધુ શરણાર્થીઓ આફ્રિકા અને મિડલઈસ્ટમાં છે. માત્ર છ વર્ષની અંદર જ વિશ્વમાં પાંચ કરોડથી પણ વધુ નવા શરણાર્થીઓ ઉમેરાયા છે. એમાંનાં એંસી ટકા  સ્ત્રીઓબાળકો બળાત્કાર અને જાતીય હિંસાનો ભોગ બને છે.

૧૯૦૦માં વિશ્વમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરોની સંખ્યા માત્ર ૧૨ હતી. આજે એ આંકડો ૪૦૦ને પણ વટાવી ગયો છે. એમાંય ૧૯ શહેરોની વસ્તી તો એક કરોડ કરતાં પણ વધારે છે.

૨.૪૩ કરોડની વસ્તી સાથે ચીનનું શાંઘાઈ વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. ત્યાર પછીના ક્રમે ૨.૩૫ કરોડની વસ્તી સાથે પાકિસ્તાનનું કરાચી આવે છે. ત્યાં પ્રત્યેક ચોરસ કિલોમીટરમાં છ હજાર લોકો ઠાંસીને ભર્યા છે. એ પછી ચીનનું જ બીજિંગ, ન્યુ યૉર્ક, બ્રાઝિલનું સાઓ પાઉલો આવે છે. વિશ્વનાં મોસ્ટ પૉપ્યુલેટેડ શહેરોમાં આપણું દિલ્હી ૧.૬૨ કરોડની વસ્તી સાથે છઠ્ઠા ક્રમે અને આમચી મુંબઈ ૧.૨૪ કરોડની વસ્તી સાથે દસમા ક્રમનું વસ્તીથી ફાટફાટ થતું શહેર છે.

આપણી માન્યતાથી વિપરીત વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષા અંગ્રેજી નહીં, બલકે ચીનની મૅન્ડરિન છે. એને બોલનારા લોકોની સંખ્યા ૧.૦૫ અબજથી પણ વધારે છે. ૧.૦૧ અબજ સ્પીકર્સ સાથે અંગ્રેજીનો ક્રમ બીજો છે. ત્રીજા ક્રમે આપણી હિન્દીઉર્દૂ મિશ્રિત હિન્દુસ્તાની ભાષા આવે છે, જેને બોલનારા લોકોની સંખ્યા ૬૫.૨ કરોડ છે. ઑથેન્ટિક આંકડા પ્રમાણે અત્યારે વિશ્વમાં ૬૯૦૯ ભાષાઓ બોલાય છે. જોકે એમાંથી દસ લાખથી વધુ લોકો બોલતા હોય એવી ભાષાઓનું પ્રમાણ માત્ર છ ટકા જ છે.

વિશ્વની વસ્તી અને સંપત્તિનું વિતરણ કેવું છે એનો ખ્યાલ એ વાત પરથી જ આવી જાય છે કે દુનિયાના માત્ર ૨૦ ટકા ધનાઢ્ય લોકો વિશ્વના ૮૬ ટકા સ્રોત વાપરે છે. સૌથી ગરીબ ૨૦ ટકાના ભાગે તો ૧.૩ ટકામાંથી લડવાનું જ આવે છે.

એ જ રીતે વિશ્વના પાંચ ટકા અલ્ટ્રા રિચ લોકો વિશ્વની ૨૩ ટકા વીજળી વાપરી નાખે છે. એની સામે વિશ્વના ૧૩ ટકા લોકો પાસે પીવાનું શુદ્ધ પાણી નથી અને ૩૮ ટકા લોકો પાસે જાજરૂ પણ નથી.

## વિશ્વની સાડાસાત અબજની વસ્તી વધારે પડતી કહેવાય?

એક તરંગી સરખામણી એવું કહે છે કે જો વિશ્વના તમામ લોકો અડીઅડીને સાથે ભા રહે તો દુનિયાના તમામ લોકોને માત્ર ૧૩૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં સમાવી શકાય. મતલબ કે આપણી રાજધાની દિલ્હી કરતાં પણ ઓછા વિસ્તારમાં. એ જ રીતે વિશ્વના દરેક માણસનું એક ડગલું એમ ગણીને પૃથ્વી પર ચાલવા નીકળો તો પૃથ્વીને ફરતા ૧૩૩ આંટા મારી શકો. દુનિયાના લોકોની વન બાય વન બોલીને ગણતરી કરવી હોય તો બસ્સો વર્ષ લાગી જાય.

દુનિયાની દિશા બુદ્ધને બદલે યુદ્ધ તરફ વધારે છે, કેમ કે વિશ્વના દેશો શ સ્ત્રો વસાવવા પાછળ જેટલાં નાણાં ખર્ચે છે એનો એક ટકા હિસ્સો પણ જો શિક્ષણ પાછળ ખર્ચે તો વિશ્વનું એકેય બાળક સ્કૂલ વિનાનું ન રહે.

વિશ્વમાં ૯૦ લાખ પુરુષો એવા છે જે ૨૮ વર્ષના જમણેરી ચાઈનીઝ હોય. આખા વિશ્વનું સૌથી સામાન્ય નામ છે, મોહમ્મદ. આ નામ ધરાવતા પંદર કરોડ પુરુષો છે. એનું એક કારણ એ પણ છે કે વિશ્વના મુસ્લિમ પરિવારોમાં પહેલા સંતાનનું નામ મોહમ્મદ પયગંબર પરથી પાડવાની પ્રથા છે. એ જ રીતે  સ્ત્રીઓમાં સૌથી કૉમન નામ છે મૅરી અથવા એનું એક વેરિએશન મારિયા, જે વર્જિન મૅરી પરથી તરી આવ્યું છે.

## વી ધ પીપલ ઑફ ઈન્ડિયા

૩૨.૮૭ લાખ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા અને ૧.૩૧ અબજની વસ્તી ધરાવતા આપણા દેશની વસ્તીને અલગઅલગ દૃષ્ટિકોણથી ચેક કરીએ તો પણ રસપ્રદ વિગતો જાણવા મળે છે.

■ મુંબઈની લોકલ ટ્રેનોમાં દરરોજ ૭૫.૮ લાખ લોકો મુસાફરી કરે છે. આ આંકડો ન્યુ ઝીલૅન્ડ અને બુલ્ગારિયા જેવા દેશોની કુલ વસ્તી કરતાં પણ વધારે છે.

■ એકલા ઉત્તર પ્રદેશમાં જ આખા બ્રાઝિલ કરતાં વધુ લોકો વસે છે.

■ ભારતમાં ૪૪.૫ કરોડ વિદ્યાર્થીઓ છે, યાનિ કિ રશિયા, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાની કુલ વસ્તીનો સરવાળો.

■ આપણા દેશમાં બાવીસ સત્તાવાર ભાષાઓ છે, પરંતુ ભારતમાં બોલાતી કુલ ભાષાઓબોલીઓની સંખ્યા ૧૬૫૨ પર પહોંચે છે. એમાંથી ૧૯૭ ભાષાઓ પર લુપ્ત થવાનું જોખમ છે. બાય ધ વે, સાડાબાર કરોડના આંકડા સાથે બ્રિટન કરતાં અંગ્રેજી બોલનારા લોકોની સંખ્યા આપણા દેશમાં વધારે છે.

■ ૨૦૧૩ના કુંભમેળામાં બે મહિનામાં ૧૨ કરોડથી પણ વધુ લોકોએ ગંગામાં ડૂબકી લગાવી હતી. યાને કે મેક્સિકોની કુલ વસ્તી કરતાં પણ વધારે. લોકોના વિરાટ જમાવડાની આ તસવીરો સૅટેલાઈટ ઈમેજિસમાં પણ દેખાતી હતી.

■ આપણા દેશમાં લગભગ થાઈલૅન્ડની વસ્તી જેટલા એટલે કે સાડાછ કરોડથી પણ વધુ લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે. આપણે ત્યાંના ધારાવીમાં જ લગભગ સાડાસાત લાખ લોકો રહે છે. ધારાવીમાં વસ્તીગીચતા બાકીના મુંબઈ કરતાં દસગણી વધારે છે.

■ એકવીસમી સદીના પહેલા દાયકામાં આપણા દેશમાં આખા પાકિસ્તાન કરતાં પણ વધુ લોકો ઉમેરાયા હતા. પાકિસ્તાનની જ વાત નીકળી છે તો ભારત અને પાકિસ્તાન બન્નેમાં મુસ્લિમોની સંખ્યા લગભગ સરખી છે, પરંતુ કુલ વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ પાકિસ્તાનમાં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ ૯૭ ટકા છે, જયારે ભારતમાં ૧૪ ટકા.

■ આપણા ઉત્તર પ્રદેશની વસ્તી વિશાળ વિસ્તાર ધરાવતા રશિયા કરતાં પણ ક્યાંય વધારે છે. એ જ ક્રમમાં ઓડિશામાં આખા કૅનેડા કરતાં અને છત્તીસગઢમાં ઑસ્ટ્રેલિયા કરતાં પણ વધારે લોકો રહે છે.

■ વિશ્વના સૌથી મોટા રેલનેટવર્ક એવા ભારતીય રેલવેમાં ૧૪ લાખ કર્મચારીઓ કામ કરે છે જે વિશ્વના સંખ્યાબંધ દેશોની વસ્તીના ટોટલ કરતાં પણ વધારે છે. આપણી ટ્રેનોમાં દરરોજ ૩ કરોડ લોકો મુસાફરી કરે છે, યાનિ કિ શ્રીલંકાની કુલ વસ્તી આપણા દેશમાં રોજ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. બીજા શબ્દોમાં આપણી બે ટકા વસ્તી તો રોજ ટ્રેનમાં જ હોય છે.

■ ખાસ્સા ડિજિટલ રેવલ્યુશન છતાં આપણા દેશના માત્ર ૧૬ ટકા લોકોને જ ઈન્ટરનેટ ઍક્સેસ છે. આ આંકડો પણ આખા ઑસ્ટ્રેલિયાની વસ્તી કરતાં વધારે છે.

■ છેલ્લી લોકસભા ચૂંટણીમાં આપણા દેશમાં પંદર કરોડ નવા મતદારો ઉમેરાયા હતા. યાનિ કિ એક આખા રશિયા કરતાં પણ વધુ લોકો.

# મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સફળતાની કેડી કંડારવી મુશ્કેલ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઇવાન્કા ટ્રમ્પ ભારતમાં ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ સમિટમાં હાજરી આપવા આવી પહોંચ્યાં છે અને આઠ વર્ષમાં પહેલીવાર સ્ટાર્ટઅપ કાર્યક્રમમાં પુરુષો કરતાં મહિલાઓની ભાગીદારી (૫૨ ટકા) વધારે જોવા મળશે. પરંતુ આ હાઇપાવર કાર્યક્રમની બહાર નજર કરીએ તો, મહિલા ઉદ્યોગસાહસિકો માટેના ભારતનું ચિત્ર ધૂંધળું જોવા મળશે.

આ મહિને જાહેર થયેલા નાસકોમના રિપોર્ટ પ્રમાણે, ભારતમાં ૫,૦૦૦ સ્ટાર્ટઅપ્સ છે, જેમાં મહિલાઓનો હિસ્સો માત્ર ૧૧ ટકા છે. ગયા વર્ષે ભારતમાં ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૪,૭૫૦ હતી અને ત્યારે પણ મહિલા ઉદ્યોગસાહસિકોનો હિસ્સો માત્ર ૧૦ ટકા હતો. હવે જે મહિલા સાહસિકોને વેન્ચર કેપિટલ ફંડિંગ મળે છે તેનું પ્રમાણ તો સાવ નજીવું છે. મહિલા સંચાલિત સ્ટાર્ટપ્સને માત્ર ૩ ટકા વેન્ચર કેપિટલ ફંડ મળ્યું છે એમ સહા ફંડના આંકડા દર્શાવે છે.

સહા ફંડના ચીફ એક્ઝક્યુટિવ અંકિતા વશિષ્ઠના જણાવ્યા પ્રમાણે, મુખ્ય સમસ્યા એ છે કે, દેશમાં મહિલા રોકાણકારોની સંખ્યા જ ઘણી ઓછી છે. આથી, મહિલા ઉદ્યોગસાહસિકો માટે નેટવર્કિંગની તક ઘટી જાય છે. અમે એટલા માટે જ ફંડ સ્થાપ્યું છે કારણ કે, મહિલા રોકાણકારોની સંખ્યા સાવ નહીંવત્ છે અને સાહસિક મહિલાઓને પ્રોત્સાહન મળે તેવું કોઈ પ્લેટફોર્મ જ નથી.

અત્યાર સુધીમાં સહા ફંડે મહિલા સંચાલિત ૧૦ સ્ટાર્ટઅપ્સને ટેકો આપ્યો છે, જેમાંથી પાંચ સ્ટાર્ટઅપ્સને તો સિરીઝએ ફંડિંગ મેળવવામાં પણ સફળતા મળી છે. જોકે, બીજી એક દલીલ એવી પણ સાંભળવા મળે છે કે, કોઈ મહિલાએ જ શા માટે મહિલાની કંપનીમાં રોકાણ કરવું જોઈએ?

બ્યૂટી પ્રોડક્ટ્સ વેચતા સ્ટાર્ટઅપ નાઇકાના સ્થાપક અને અગાઉ ઇન્વેસ્ટમેન્ટ બેન્કર રહી ચૂકેલાં ફાલ્ગુની નાયર કહે છે કે, મારા બિઝનેસ મોડલમાં તો પુરુષ રોકાણકારોએ પૈસા નાખ્યા છે.

ફંડિંગને પુરુષ કે મહિલા સાથે કોઈ લેવાદેવા નથી. ભારતમાં બહુ ઓછી મહિલા વેન્ચર કેપિટાલિસ્ટ્સ છે અને તેમાં અગ્રણી સ્થાન ધરાવતાં વાણી કોલાએ પણ સમાન મત વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, પ્રૅં એ છે કે, કેટલી મહિલાઓ ટેક્નોલોજી પ્રોડક્ટલક્ષી કંપની સ્થાપવાનું સાહસ ખેડવા તૈયાર છે? કેટલી મહિલાઓએ આવું સાહસ ખેડવાનું સ્વપ્ન જોયું છે? જો તમારામાં સાહસ હશે, કંઈક નોખું કરી દેખાડવાનો ઉત્સાહ હશે તો રોકાણકારો તમારી પાછળ લાઇન લગાવશે.

આઇઆઇટી મદ્રાસનો કેસ લઈએ. આ સંસ્થા ભારતનું સ્ટાર્ટઅપ હબ છે. તેણે અનેક સફળ પ્રોડક્ટ અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી આધારિત સ્ટાર્ટઅપ્સને મહત્ત્વનું લોન્ચપેડ આપ્યું છે. આઇઆઇટી મદ્રાસના ઇન્ક્યુબેશન સેલમાં કુલ ૨૫૨ સાહસિકો છે પણ તેમાં મહિલાઓની સંખ્યા માત્ર ૨૨ છે અને બહારથી ફંડ મેળવનારા માત્ર ચાર સ્ટાર્ટઅપ્સની આગેવાની મહિલાના હાથમાં છે. આઇઆઇટીરુરકીના ઇનોવેશન સેલમાં કુલ બાવન લોકો છે, અને તેમાં મહિલાની સંખ્યા માત્ર ૯ છે.

સિરિયલ રોકાણકાર અને પોર્ટેના ચીફ એક્ઝક્યટિવ મીણા ગણેશ જણાવે છે કે, સપ્લાયની અછત તો છે, પણ મહિલા ઉદ્યોગસાહસિકને લાંબા ગાળા માટે ટેલેન્ટ અને રોકાણકારો આકર્ષવામાં પણ તકલીફ પડે છે. મહિલા ઉદ્યોગસાહસિકોને થોડાં વર્ષો પહેલાં ટેલેન્ટેડ પુરુષને સિનિયર કર્મચારી તરીકે ભરતી કરવામાં ઘણી તકલીફ પડતી હતી, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

# ઇન્ટરનેશનલ જીકે ઓલમ્પિયાડમાં એલ.પી.સવાણી સ્કુલના વિદ્યાર્થીઓ ઝળક્યા



*એલ.પી. સવાણી ડે બોર્ડિંગ સ્કુલના ચાર વિદ્યાર્થીઓ ઇન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલમ્પિયાડ ૨૦૧૭-૨૦૧૮માં ભાગ લઇને યશસ્વી દેખાવ કર્યો છે. એલ.પી. સવાણી ડે બોર્ડિંગ સ્કુલના આ વિદ્યાર્થીઓમાં ડાબેથી ક્રિશ માલી, ગ્રેડ ૪, બ્રોન્ઝ મેડલ, કવિશ ડાગા, ગ્રેડ-૪, સિલ્વર મેડલ, રુત્વા લાખાણી, ગ્રેડ-૪, ગોલ્ડ મેડલ અને સૌથી નાની વયના વિજેતા વિદ્યાર્થી ધીર ગોટી, ગ્રેડ-૧, ગોલ્ડ મેડલ તેમના માર્ગદર્શક સુનિલ પાહુજા અને પૂનમ જૈન સાથે તસ્વીરમાં દ્રશ્યમાન છે. એલ.પી. સવાણી ડે બોર્ડિંગ સ્કુલના સંચાલકમંડળે તમામને શુભેચ્છાઓ પાઠવી છે.*

# આ સરકારી નોકરીઓમાં મળે છે સૌથી વધારે સેલેરી



***આજનાં સમયમાં સરકારી નોકરી કરતા વધારે પગાર તો પ્રાઈવેટ કંપનીઓમાં મળી રહ્યો છે. જેનાં કારણે અત્યારે લોકો સરકારી નોકરી કરતા પ્રાઈવેટ સેક્ટરની નોકરી વધારે પસંદ કરે છે. જો કે, હાલ પણ એવી કેટલીક સરકારી નોકરીઓ છે કે જેનો પગાર ખૂબ વધારે હોય. આજે અમે તમને એવી જ કેટલીક સરકારી નોકરીઓ વિશે જણાવીશું કે જેનાથી તમારું આ માનવું બદલાઈ શકે છે.***

## સિવિલ સર્વિસ ઑફિસર:

દેશમાં આ નોકરીને સૌથી વધારે પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. યૂપીએસસીની પરિક્ષા પાસ કરનારને જ આ નોકરી કરવાનો મોકો મળી શકે છે. સિવિલ સર્વિસ ઑફિસર તરીકે નોકરી કરનાર વ્યક્તિને આઈએએસ અધિકારીની પદવી આપવામાં આવે છે. આઈએએસ અધિકારીને દર મહીને ૨.૧૮ લાખ રૂપિયાનો પગાર મળે છે.

## પીએસયૂ:

સાર્વજનિક ક્ષેત્રની નોકરીમા પીએસયૂ ક્ષેત્રની નોકરી પણ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ નોકરી કરનાર વ્યક્તિને ઘર અને મેડિકલની સુવિધાઓ ઉપરાંત સારો એવો પગાર પણ મળી રહે છે. કૉલ ઈન્ડિયા લિમિટેડ જવી પીએસયૂ ક્ષેત્રની કંપનીમાં નોકરી કરવાથી વાર્ષિક ૧૦થી ૧૨ લાખ રૂપિયોનો પગાર મળી રહે છે.

## વિજ્ઞાનિક:

દેશમાં વિજ્ઞાનિકોની સેલરી પણ ઘણી સારી હોય છે. આ નોકરીની શરૂઆતથી જ તેમાં સારો પગાર મળી રહે છે. વૈજ્ઞાનિક તરીકેની નોકરીમાં વ્યક્તિને મહિને ૬૦,૦૦૦ રૂપિયાનો પગાર મળી શકે છે. આ ઉપરાંત તેમને અલગઅલગ પ્રકારનાં ભથ્થાઓ પણ મળે છે. આ પ્રકારની નોકરીમાં વિજ્ઞાનિકનો વાર્ષિક પગાર આઠથી નવ લાખ પગાર હોય છે.

## ડૉક્ટર:

સરકારી દવાખાનોમાં નોકરી કરનારા ડૉક્ટરોની સેલરી પણ બીજા ક્ષેત્રો કરતા પ્રમાણમાં ધારે હોય છે. ડૉક્ટરીમાં ઈન્ટર્નશીપ કરનારા ડૉક્ટરોને પણ મહીને ૧૫૨૦ હજાર જેટલી સેલરી મળી રહે ચે. જયારે સીનિયર ડૉક્ટરને મહીને ૫૦થી ૯૦ હજાર સુધીનો પગાર મળી રહે છે.

## યૂનિવર્સિટીમાં પ્રોફેસર:

સરકારી કૉલેજમાં પ્રોફેસર તરીકે કામ કરનારનો પગાર પણ ઘણો સારો હોય છે. પ્રાઈવેટ કૉલેજો કરતા સરકારી કૉલેજોમાં પ્રોફેસરનો પગાર પ્રમાણમાં વધારે હોય છે. એક સરકારી કૉલેજમાં ભણાવનાર પ્રોફેસરની સરેરાશ સેલેરી ૮૦થી ૯૦ હજારની વચ્ચે હોય છે.

# ૨૦૧૭માં ભારતીયોએ ગૂગલમાં સૌથી વધારે શું સર્ચ કર્યું?

*ગૂગલ તરફથી જાહેર કરવામાં આવેલા ૨૦૧૭નાં ટૉપ સર્ચ લિસ્ટમાં બૉલિવુડ, ક્રિકેટ અને ટેક્નૉલૉજીનાં કીવર્ડ્સ ટ્રેન્ડમાં છે. આ લિસ્ટમાં એક તરફ દેશની સુપરહિટ ફિલ્મ બાહુબલી ૨ છવાયેલી છે, તો બીજી તરફ જીએસટી થી લઈને બિટકૉઈનસુધીનાં સવાલોમાં લોકો ફરતા રહ્યાં છે. મજાની વાત તો એ છે કે ગૂગલને પૂછવામાં આવેલા સવાલોનું લિસ્ટ હોળીમાં ચઢેલો રંગ કેવી રીતે ઉતારી શકાયથી લઈને સ્ક્રિનશૉટ લેવા સુધીનાં સવાલો ટૉપ ફાઈવનાં લિસ્ટમાં સમાવેશ થયો છે. આધાર કાર્ડ અને પાન કાર્ડને કેવી રીતે લિંક કરવા જોઈએથી લઈને જિયો ફોનનાં બુકિંગ અંગેનાં સવાલો પણ સૌથી વદારે સર્ચ થયા છે. તો આવો એક નજર કરીએ કે અલગઅલગ કેટેગરીમાં જાહેર કરાયેલા લિસ્ટ:*

## ટૉપ ટ્રેન્ડિંગ ક્વેરિઝ:

1) Bahubali 2
2) Indian Premier League
3) Live Cricket Score
4) Dangal
5) Half Girlfriend
6) Badrinath Ki Dulhaniya
7) Munna Michael
8) Jagga Jasoos
9) Champions Trophy
10) Raees

## ટૉપ ટ્રેન્ડિંગ 'હાઉ ટુ....' :

1) How to link aadhaar with PAN card
2) How to book Jio phone
3) How to buy bitcoin in India
4) How to take a screenshot
5) How to remove holi color from face
6) How to file GST returns
7) How to invest in mutual funds
8) How to mine bitcoin
9) How to vote for Bigg Boss 11
10) How to buy ethereum in india

## ટૉપ ટ્રેન્ડિંગ 'વ્હોટ ઈઝ...':

1) What is GST
2) What is bitcoin
3) What is jallikattu
4) What is a BS3 vehicle
5) What is peta
6) What is Jio Prime
7) What is Cassini
8) What is a fidget spinner
9) What is a lunar eclipse
10) What is ransomware

## ટૉપ ટ્રેન્ડિંગ ન્યૂઝ:

1) Indian Premier League
2) ICC Champions Trophy
3) CBSE results
4) UP election results
5) Goods and Services Tax
6) Wimbledon
7) Miss World Ceremony
8) Bitcoin price
9) Union budget
10) US Open

# ધો.૧૨ પછીની પ્રવેશ પરીક્ષાઓના રજિસ્ટ્રેશન શરૂ

## ધો.૧૨ પીસીએમ ગ્રુપમાં ભણતા વિદ્યાર્થીઓ માટે

**Birla Institute of Technology & Science,** Pilani
Pilani | Dubai | Goa | Hyderabad
BITS Pilani, Pilani, Rajasthan - 333031

# BITSAT2018

A computer based online test for admission to integrated first degree programmes, first semester 2018-19

**BITS Pilani**
Pilani | Dubai | Goa | Hyderabad

**BITS Pilani is India's leading Institute of Higher Education and a "Deemed to be University" under section 3 of the UGC act. With an illustrious legacy, modern campuses and alumni in leadership positions across the world, BITS Pilani has been the Institute of choice for top students year after year.**

**01 Integrated First Degree Programmes**

| Programmes | BITS Pilani campus at | P | G | H | D* |
|---|---|---|---|---|---|
| B.E. | Chemical Engg. | ● | ● | ● | ● |
| | Civil Engg. | ● | | ● | ● |
| | Computer Science | ● | ● | ● | ● |
| | Electrical and Electronics Engg. | ● | ● | ● | ● |
| | Electronics and Communication Engg. | | ● | ● | ● |
| | Electronics and Instrumentation Engg. | ● | ● | ● | ● |
| | Mechanical Engg. | ● | ● | ● | ● |
| | Manufacturing Engg. | ● | | ● | |
| | Biotechnology | | | | ● |
| B.Pharm. | | ● | | ● | |
| M.Sc. | Biological Sciences | ● | ● | ● | |
| | Chemistry | ● | ● | ● | |
| | Economics | ● | ● | ● | |
| | Mathematics | ● | ● | ● | |
| | Physics | ● | ● | ● | |
| M.Sc. | General Studies | ● | | | |

**P - Pilani; G - Goa; H - Hyderabad; D* - Dubai**

**02 Eligibility Criteria**

For admission to any of the above Integrated First Degree Programmes (except Dubai Campus for which BITSAT is not essential) the candidate should have passed the 12th class examination of 10+2 system from a recognized Central or State board or its equivalent with Physics, Chemistry and Mathematics (PCM). For admission to B.Pharm, the eligibility criteria is Physics, Chemistry and Biology in 12th class. However candidates with PCM may also apply for Pharmacy program. Further, the candidate should have obtained a minimum of 75% aggregate marks in Physics, Chemistry and Mathematics/Biology subjects in 12th class examination, with at least 60% marks in each of the Physics, Chemistry, and Mathematics/Biology subjects and possess adequate proficiency in English. However, admissions will be made only on his/her merit position based on the score obtained in BITSAT-2018.
**Only Students who are appearing for 12th class examination in 2018 or who have passed the 12th class examination in 2017** are eligible to appear for BITSAT-2018. Students who are presently studying in BITS at any of its campuses are not eligible to appear for BITSAT-2018. For further details and terms and conditions please visit BITS admission website http://www.bitsadmission.com.

**03 How to Apply**

Interested candidates should register for BITSAT-2018 by applying in the prescribed application form available at admission website: **http://www.bitsadmission.com.** The prescribed fees for BITSAT-2018 is ₹2950/- for male candidates and ₹2450/- for female candidates. Options for payment of fees are given at the admission website.
**Deadline to register for BITSAT-2018 by filling the online form alongwith the prescribed fee is 5.00 PM on 13th March 2018.**

Note: (1)* Candidates who appear for BITSAT-2018 may also seek admission to the Dubai campus of BITS Pilani. For more details visit: http://universe.bits-pilani.ac.in/dubai/
(2) Candidates holding a foreign passport & having valid SAT scores are also eligible to apply for admissions to Pilani, Goa and Hyderabad campuses of BITS under "International student admission scheme" of BITS Pilani. For more details visit: http://www.bitsadmission.com/ois.

**Dean Admissions, BITS** Pilani

innovate achieve lead

## ધો.૧૨ કોઈપણ પ્રવાહ પછી આપી શકાય આ પરીક્ષા

**Common Law Admission Test (CLAT) 2018**

**Organising University**
**THE NATIONAL UNIVERSITY OF ADVANCED LEGAL STUDIES (NUALS)**
**HMT Colony P.O., Kochi, Kerala – 683 503**

NUALS

**No. NUALS/CLAT 2018/951/03/2017**

**ONLINE APPLICATIONS ARE INVITED FOR ADMISSION TO THE UNDER-GRADUATE AND POST-GRADUATE DEGREE PROGRAMMES IN LAW (2018-19) IN THE NINETEEN NATIONAL LAW UNIVERSITIES IN INDIA**

Commencement of submission of Online Application: **Monday, the 1st January, 2018**
Last date of submission of duly filled in Online Application: **Saturday, the 31st March, 2018**
Date of CLAT 2018 Online Examination: **Sunday, the 13th May, 2018 (3.00 p.m. to 5.00 p.m.)**

**UNDER-GRADUATE PROGRAMME [Five Year Integrated Law Degree (Hon's)]**

**Educational Qualification:** A Pass in 10+2 or an equivalent examination with a minimum of (i) Forty-Five percentage (45%) of marks in case of candidates belonging to unreserved/OBC/Specially Abled Persons/NRI/NRI Sponsored categories and (ii) Forty percentage (40%) of marks in case of candidates belonging to SC/ST categories. Candidates appearing for the qualifying examination in March/April, 2018 are also eligible to apply.

**POST-GRADUATE PROGRAMME (One Year LL.M. Degree)**

**Educational Qualification:** An LL.B. Degree or an equivalent examination with a minimum of Fifty-Five percentage (55%) of marks in case of candidates belonging to unreserved/OBC/Specially Abled Persons/NRI/NRI Sponsored categories and Fifty percentage (50%) of marks in case of candidates belonging to SC/ST categories. Candidates appearing in the qualifying examination in April/May, 2018 are also eligible to apply.

For further details please visit CLAT 2018 website (www.clat.ac.in)

**Kochi** Sd/-
**20.12.2017** **Convenor, IC, CLAT 2018**

## ધો.૧૨ પીસીએમ ગ્રુપમાં ભણતા વિદ્યાર્થીઓ માટે

**National Entrance Screening Test 2018**

**NEST 2018**

Admission to 5-year Integrated MSc Programmes in Biology, Chemistry, Mathematics and Physics at NISER (Bhubaneswar) and UM-DAE CEBS (Mumbai)
(Autonomous Institutions under Department of Atomic Energy, Government of India)

**The National Entrance Screening Test (NEST) is a compulsory test for admission to the 5-year Integrated MSc programme in basic sciences - Biology, Chemistry, Mathematics and Physics - at National Institute of Science Education and Research (NISER) Bhubaneswar and University of Mumbai - Department of Atomic Energy Centre for Excellence in Basic Sciences (UM-DAE CEBS), Mumbai. NEST 2018 will be conducted in around 90 towns and cities all over India on Saturday, June 02, 2018.**

The candidates admitted to the programme are eligible to receive annual scholarship of ₹60,000 either through **INSPIRE** scholarship of Dept. of Science & Technology or **DISHA** scholarship of Dept. of Atomic Energy, Govt. of India. In addition, the scholarship recipients receive a grant of ₹20,000 per annum for Summer Internship.

**For detailed information on NEST 2018 application procedure and previous years' question papers please visit NEST 2018 website: www.nestexam.in**

Application can be made only through online portal.
To apply ONLINE, visit www.nestexam.in

**Correspondence:**
The Chief Coordinator, NEST 2018,
UM-DAE CEBS, Annabhau Sathe Bhavan, University of Mumbai
Vidyanagari Campus, Kalina, Mumbai - 400 098
Contact us at nest@nestexam.in

**Examination Fee details:**

| | |
|---|---|
| Male (General and OBC categories): | ₹1,000/- |
| Male (SC and ST categories): | ₹500/- |
| Female (All categories): | ₹500/- |
| Persons with Disability: | ₹500/- |

NEST Website

**Mode of payment:**
Online using netbanking/ credit card/ debit card

Date of Examination: June 02, 2018 (Saturday) 10:00 am - 1:00 pm
Online Application opens on Jan 01, 2018 and closes on Mar 05, 2018

# ફરજો અને તકલીફોનું સ્વાગત કરો, સફળતાનું રહસ્ય એ જ સમજાવશે

જીવનની ઉપયોગિતા ફકત નૈતિક મૂલ્યાંકન દ્વારા જ નકકી કરી શકાય છે. એક વખત નિર્ણય કરી લો અને જો તમારો અંતરાત્મા એ કાર્યને કરવાનું યોગ્યમાને તો તમે કયારેય નિષ્ફળ કે અકર્મણ્ય રહો નહીં, પરંતુ ઝડપથી આગળ વધશો. સમજી લો કે માણસને દૈવી વરદાનની જેટલી આશા હોય છે તેની ચાવી તેને મળી ગઈ. પોતાના કર્તવ્યપાલનથી દૂરભાગીને એને તેની અવગણના કરીને તમે સુખમાં વધારો નહીં કરી શકો. બુદ્ધિશાળી અને સજ્જનો બીજા શું કહેશે તેની ચિંતા કર્યા વગર તેમને અંતરાત્મા જે કહે તે પ્રમાણે વિશ્વાસપૂર્વક આગળ વધે છે. કર્તવ્યના આહ્‌વાન ઉપર ભગવાનમાં વિશ્વાસ રાખીને તેઓ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને તેના પર વિજય મેળવે છે.

સાચી સફળતા માટે ફકત એક વસ્તુની જરૂર પડે છે. તે ધનની નહીં, શકિતની નહીં, કુશળતાની નહીં, ખ્યાતિની નહીં, સ્વતંત્રતાની નહીં, અને આરોગ્યની પણ નહીં, પરંતુ માત્ર ચારિત્ર્યપાલનની તથા સંયમિત ઈચ્છાશકિતની. તે આપણને સાચી મદદ કરી શકે છે. જો એ પાલનમાં આપણે અસફળ રહ્યા તો આપણું જીવન પણ નિષ્ફળ રહેશે. આપણે એવું કાર્ય ક્યારેય ન કરવું જોઈએ કે જેનાથી શરમ અનુભવવી પડે. પોતાના જીવન નિર્માણ માટે સદાય ઉપરની તરફ જુઓ, નીચેની તરફ નહીં, જે ચે ઠવા નથી ઈચ્છતો તે પતન તરફ ધકેલાય છે. જે આત્મા ઉડવાની હિંમત નથી કરતો તે પતનની ખાઈમાં પડે છે. પ્રત્યેક કામ ત્યારે સફળ બને છે, જયારે તેમાં દૃઢ વિશ્વાસનું બળ રહે છે. દૃઢ આત્મવિશ્વાસ જ તે માર્ગને સરળ બનાવે છે. જે આપણને નિર્દિષ્ટ સ્થાન પર પહોંચાડી આપે છે. આત્મવિશ્વાસ જ કાર્યનું બળ છે. તેના દ્વારા આપણામાં શક્તિનો એવો ોત ફૂટી નીકળે છે, જે અઘરામાં અઘરા કાર્યને પણ સહેલાઈથી પૂરું કરી આપે છે.આત્મવિશ્વાસમાં એવી તાકાત છે કે હજારો વિપત્તિઓનો સામનો કરીને તેમના પર પૂરેપૂરો વિજય મેળવી શકાય છે. તે મનુષ્યનો સાચો મિત્ર અને તેની સૌથી શ્રેષ્ઠ મૂડી છે. આપણે જોયું છે કે સાધનોનો અભાવ હોવા છતાં પણ આત્મવિશ્વાસુ માનવીઓએ દુનિયામાં ગજબનાં કામ કર્યા છે. જયારે ઘણી સાધનસંપન્ન વ્યક્તિઓ વિશ્વાસના અભાવને કારણે સાવ નિષ્ફળ બની છે.

જો આપણામાં એવો દૃઢ વિશ્વાસ હોય કે આપણે મોટામાં મોટા કાર્ય કરી શકીએ છીએ, દુનિયામાં મહાન કાર્યો કરી શકીએ છીએ. જો આપણામાં એવો વિશ્વાસ હોય કે મારામાં એક મહાન દૈવીતત્વ મોજુદ છે. અખૂટ શક્તિનો ભંડાર ભરેલો છે તો આપણે નિઃસંદેહ દુનિયામાં મોટામાં મોટાં કામ કરી શકીશું. જરૂર એ વાતની છે કે સુખની જેમ જ દુઃખનું પણ સ્વાગત કરીએ. શાંત મનથી સ્થિર તથા દૃઢ કરીને પોતાના કર્તવ્યમાં લાગ્યા રહીએ. યાદ રાખો, જીવનનાં શાશ્વત મૂલ્યોને સમજી લેવાથી, કર્તવ્યમાં લાગી જવાથી, મુશ્કેલીઓ કે દુઃખ નામની કોઇ વસ્તુ બાકી રહેતી નથી. કાર્ય કરતી વખતે જો એવો વિચાર આવે કે તેનું ફળ એટલું ઉત્તમ નહીં હોય કે જેટલું પહેલાં વિચાર્યું હતું. આ જ ભયના કારણે આપણે તેને અધૂરું છોડી દઇએ તે પણ સમજદારી નથી. કોઇપણ કાર્યનું ફળ ઉત્તમ, મધ્યમ અથવા હલકું હોઇ શકે છે પરંતુ તેની ચિંતા ન કરો. સખત પરિશ્રમના કારણે કાર્યનું ફળ ઉત્તમ પણ હોઇ શકે અને પરિશ્રમ ન કરવાને કારણે હલકું પણ હોઇ શકે.

મનુષ્ય ઈશ્વરનો પુત્ર છે. તે તેની દૈવીસંપત્તિનો વારસદાર છે, તો શા માટે તેને પોતાની અખૂટ શક્તિમાં દૃઢ વિશ્વાસ ન હોય? સાચી વાત એ છે કે આપણને પોતાની શક્તિનું જ્ઞાન નથી, જેથી આપણે તેનો પૂરતો વિકાસ કરી શકતા નથી. મનુષ્ય એને જ કહેવાય જે તકલીફોરૂપી પહાડોને તોડી નાખે. સંકટોના ડરથી વિમુખ થઇ જવાથી ક્યારેય કોઇ કામ થતું નથી. જે કાર્ય પૂર્ણ થવામાં તકલીફો નથી આવતી તે કાર્ય શું ઉલ્લેખનીય હોઇ શકે ખરું? કાર્ય તો એ છે કે જેમાં તકલીફો આવે. ઈશ્વરનો પુત્ર એ છે, જે એવા કાર્યો કરે, જેમાં તકલીફો અનેક વખત આવીને તેને સફળતાનાં દ્વાર તરફ દૃઢતાપૂર્વક આગળ વધારે. આથી તકલીફોનું સ્વાગત કરો, તે જ આપણને સફળતાનું રહસ્ય સમજાવશે.

# બેરોજગાર માટેનું વેબ પોર્ટલ, રજિસ્ટ્રેશન કરો અને મેળવો નોકરી

જો તમે બેરોજગાર હોવ અને નોકરીની શોધમાં છો, તો અમે તમને જણાવી દઈએ કે એક એવી જગ્યા વિશે, જેના દ્વારા તમને બહું સરળતાથી નોકરી મળી શકે છે. કેન્દ્ર સરકારે એક એવું પોર્ટલ બનાવ્યું છે, જયાં તમે રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ સારી નોકરી મેળવી શકો છો.

આ પોર્ટલનું નામ છે  નેશનલ કેરિયર સર્વિસ (એન.સી.એસ). આ પોર્ટલની ખાસ વાત એ છે કે, આની પર કેટલીએ કંપનીઓ રજિસ્ટર્ડ છે, અને જોબ સંબંધી પોતાની જરૂરિયાત ઈ પોર્ટલ પર અપલોડ કરે છે. તેને જોઈ તમે તમારી પસંદની નોકરી માટે એપ્લાય કરી શકો છો. આ પોર્ટલ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૭ લાખ લોકોને નોકી મળી છે. શું છે એન.સી.એસ.: નેશનલ જોબ પોર્ટલ એક એવું પ્લેટફોર્મ છે, જેને મિનિસ્ટ્રી ઓફ લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ દ્વારા તૈયાર કરવામાં આવી છે. આમાં નોકરી આપનાર અને નોકરી કરનાર બંને પોતાની રિક્વાયરમેન્ટ અપલોડ કરી શકે છે. આ પોર્ટલ પર ગવર્મેન્ટ અને પ્રાઈવેટ સેક્ટરની બંને નોકરીઓની વેકન્સી જોવા મળે છે. આ સિવાય સ્કિલ્ડ પ્રોવાઈડર, કાઉન્સેલર, પ્લેસમેન્ટ એજન્સી અને ગવર્મેન્ટ ડિપાર્ટમેન્ટ પણ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

યૂનિક આઈડી હોવું જરૂરીઃ આ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવા માટે તમારી પાસે યૂનિક આઈડી હોવું જરૂરી છે, જેમાં આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ઈલેક્શન કાર્ડ વગેરે... આમાંથી કોઈ પણ આઈડી કાર્ડ હોય તો તમે રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

આવી રીતે કરાવી શકાય રજિસ્ટ્રેશનઃ સૌપ્રથમ તમારે www.ncs.gov.in પોર્ટલ પર તમારૂ રજિસ્ટ્રેશન કરાવો. તેના માટે સાઈન અપ પર ક્લિક કરી તમારી ડિટેલ્સ ભરો. ત્યારબાદ તમારા ફોન પર એક વન ટાઈમ પાસવર્ડ (ઓ.ટી.પી.) આવશે, જે નાખ્યાબાદ તુરંત તામારૂ રજિસ્ટ્રેશન થઈ જશે.

# C.P.Ed.ની ડિગ્રી ધરાવતા શિક્ષકો લાયક ગણાશે:NCTE

માર્ચ-૨૦૧૯ પછી લાયકાત વગરના શિક્ષકોને ઘર ભેગા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે જે શિક્ષકો લાયકાત ધરાવતા નથી તેમના માટે ડી.ઈએલ.ઈ.ડી.નો કોર્સ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયો છે. બે વર્ષનો આ કોર્સ કરનારા શિક્ષકો લાયકાત ધરાવતા થઈ જશે. જોકે, આ સંજોગોમાં રાજયના શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્ર પાસે માર્ગદર્શન માંગ્યુ હતું. જેમાં ગુજરાતમાં સી.પી.એડ. કરેલા શિક્ષકોને લાયક ગણવા કે કેમ તે અંગે પૃચ્છા કરી હતી. જેની સામે એન.સી.ટી.ઈ.એ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, જેમની પાસે સી.પી.એડ. ક્વોલિફિકેશન છે તેમણે કોર્સ કરવાની જરૂર રહેતી નથી. દેશની સ્કૂલોમાં લાયકાત વગરના શિક્ષકો અભ્યાસ કરાવતા હોઈ તેમની સામે કેન્દ્ર સરકાર દ્વારા લગામ કસવામાં આવી છે. લાયકાત વગરના શિક્ષકો માટે લાયકાત મેળવવા માર્ચ૨૦૧૯ સુધીની મુદત આપી છે. ત્યાં સુધીમાં શિક્ષકોએ લાયકાત મેળવી લેવાની રહેશે. જો, આ સમયમર્યાદા સુધીમાં શિક્ષકો લાયકાત નહી મેળવે તો તેમને ઘર ભેગા કરવામાં આવશે તેવું નક્કી કરાયું હતું. આ માટે હાલમાં જ રજિસ્ટ્રેશનની કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવી છે. જેથી જે શિક્ષકોએ રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તેઓ માર્ચ૨૦૧૯ પછી ઘર ભેગા થશે.

દરમિયાન શિક્ષકની લાયકાત માટેના કોર્સને લઈ શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્ર પાસે અમુક સ્પષ્ટતા માંગી હતી. જેમાં હાલમાં સી.પી.એડ. થયેલા શિક્ષકો સ્કૂલોમાં અભ્યાસ કરાવે છે અને આ કોર્સ બે વર્ષનો હોવાથી આવા શિક્ષકોએ પણ લાયકાત મેળવવા માટે ઉ.હ.મ.નો કોર્સ કરવાનો રહેશે કે કેમ તે અંગે પૃચ્છા કરી હતી. જેની સામે સ્પષ્ટતા કરતા જણાવાયું હતું કે, આ બંને કોર્સ એક જ પ્રકારના હોવાથી સી.પી.એડ. થયેલા શિક્ષકોએ કેન્દ્રના કોર્સ કરવાની જરૂર રહેતી નથી. જયારે બી.પી.એડ., ડી.પી.એડ., બી.પી.ઇ., એમ.પી.ઇ. કોર્સ કરેલા શિક્ષકો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ શિક્ષકોએ સ્પેશિયલ બ્રિઝ કોર્સ કરવાનો રહેશે.

આમ, સી.પી.એડ. થયેલા શિક્ષકો લાયકાત ધરાવતા શિક્ષકો જ ગણાશે અને તેમને અન્ય કોર્સ કરવાની જરૂર રહેશે નહીં, પરંતુ તે સિવાયના અન્ય કોર્સ કરેલા શિક્ષકોએ સ્પેશિયલ બ્રિઝ કોર્સ કરવાનો રહેશે અને ત્યારબાદ તેઓ લાયક શિક્ષક ગણાશે. કેન્દ્રની સ્પષ્ટતાના પગલે અનેક શિક્ષકોને પરીક્ષામાંથી મુક્તિ મળશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# બાળકોને વારસામાં ધન-સંપત્તિ નહીં, પરંતુ સંસ્કાર આપવાની જરૂર

ભારતીય પરંપરામાં જે સંયુક્ત પરિવાર વ્યવસ્થાને જે મહત્ત્વ આપવામાં આવ્યું છે, તે ખૂબ જ અગત્યનું છે. ખાસ કરીને ગૃહસ્થાશ્રમમાં નવી પેઢીને તૈયાર કરવા માટે સંસ્કાર ઉપર પણ ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને નવી પેઢીને વારસામાં ધન નહીં પરંતુ સંસ્કાર આપવાની વાત પણ પં.શ્રીરામ શર્મા આચાર્યજીએ કરી છે. નાનાનાના પરિવારો કરતાં સંયુક્ત પરિવાર પ્રથા ખરેખર લાભદાયક છે, પરંતુ તેની ઉપયોગિતા એ જ શરતે છે કે તેમાં પરસ્પર સઘન સદ્ભાવ અને પરિપૂર્ણ સહયોગનું વાતાવરણ હોય. જો દ્વેષદુર્ભાવની, અવજ્ઞા અને ઉપેક્ષાની, ખેંચાખેંચની દુષ્પ્રવૃત્તિઓ ફાલી રહી હોય તો ઘરને નરક બનાવવા કરતાં લોકો પોતપોતાનો પરિવાર લઈને જુદા થઈ જાય એ જ સારું છે. સદ્ભાવની સ્થિતિમાં સંયુક્ત પરિવારને લાભ થાય છે, પણ દુર્ભાવ વધવાની સ્થિતિમાં તે વિખેરાઈ જાય છે જે શ્રેયસ્કર છે. વડીલોએ એકતરફી બિનજરૂરી આગ્રહ ન કરવો જોઈએ અને સ્થિતિને અનુરૂપ સંયુક્ત પરિવારને જાળવી રાખવાની જેમ જ તેને શાંતિથી અને સદ્ભાવપૂર્વક વિભક્ત થવામાં પણ મદદ કરવી જોઈએ.  પરિવાર સંસ્થાની સફળતા તેની ભાવનાત્મક સ્થિતિ અને આદર્શવાદી આચારસંહિતા પર ટકેલી છે. જયાં સુધી આ આધાર જળવાઈ રહેશે, ત્યાં સુધી અભાવગ્રસ્ત ઘરપરિવારોમાં પણ સ્થિતિ એવી સુખદ બની રહેશે કે જેના પર સ્વર્ગનું સુખ પણ ન્યોચ્છાવર કરી શકાય.

શરીરની ભૂખ રોટલા, કપડાં અને મકાન, અનાજ, જળ અને હવા સુધી જ સીમિત છે, પરંતુ આત્માની ભૂખ તો સ્નેહ, સન્માન અને સહયોગની પરિસ્થિતિઓ મળવાથી જ શાંત થાય છે. મોટેરાઓ જો નાનાંનું બરાબર ધ્યાન રાખે તો તેઓ બગડશે નહિ. ઘરમાં સ્વસ્થ પરંપરાઓ શરૂ કરવામાં આવે. બધા જ શ્રમનિષ્ઠ બને. બાળકોથી માંડીને વૃદ્ધો સુધી બધા જ પરિશ્રમશીલ રહે. કોઈ સમય બરબાદ ન કરે.  નાનાંએ વડીલોનું સન્માન કરવું જોઈએ, પરંતુ વડીલોએ નવરા બેસી રહીને, વાતવાતમાં હુકમો ચલાવતા રહીને, નાનાંનો સમય નષ્ટ કરતા રહેવાને પોતાનો અધિકાર ન માની લેવો જોઈએ. નાનાઓનું કર્તવ્ય છે કે વડીલોનું સન્માન કરે, પરંતુ વડીલોએ પણ આ દૃષ્ટિએ નાનાંઓને પોતાની પાછળ નહિ, આગળ જ રાખવાં જોઈએ. વડીલોને સંતુષ્ટ રાખવા માટે તેમનું સન્માન કરવું, શિષ્ટાચાર જાળવવો, આદરણીય સંબોધન કરવું, નિયમિત પ્રણામ કરવા, તેમનાં શારીરિક કામોમાં મદદ કરવી, કોઈ નવું કામ કરતી વખતે તેમના આશીર્વાદ લેવા, તેમની સુવિધાઓનું ધ્યાન રાખવું એ નાનાંઓનું કર્તવ્ય છે. ઘણીવાર તેમના વિચારો અયોગ્ય, અસામયિક તથા અવાસ્તવિક હોય છે. તેઓ એવા આદેશો થોપી દે છે, જે માનવા યોગ્ય હોતા નથી.  ઘણીવાર તેઓ ઘૂંઘટ, અસ્પૃશ્યતા, દહેજ, ધામધૂમનો અપવ્યય જેવી વિકૃત પરંપરાઓને વળગી રહેવાનો આગ્રહ કરે છે. કેટલીક વખત સમાજ સેવા જેવાં શ્રેષ્ઠ કાર્યોમાં પણ વાંધા ઉઠાવે છે તથા સ્વર્થના કારણે માત્ર પોતાના કામથી કામ રાખવાની શિખામણ આપે છે. આથી યોગ્યઅયોગ્યની વાતને વિવેકની કસોટીએ ચકાસ્યા પછી જ કોઈ પણ આજ્ઞાનું પાલન કરવું જોઈએ. એક બીજાને સહયોગ આપવો એ પરિવારની સ્વસ્થ પરંપરા હોવી જોઈએ. બીમારીમાં બધાએ દર્દીની ખબર પૂછવી જોઈએ અને દેખભાળ ચિકિત્સા, સારવાર સહાનૂભુતિ વ્યક્ત કરવા માટે તત્પરતા દાખવવી જોઈએ. વડીલોએ બાળકોને ભણાવવાં જોઈએ. તેઓને નવરા ન બેસી રહેતાં બાળકોને કથા વાર્તાઓ સંભળાવવાથી માંડીને તેમને ફરવા લઈ જવા, હસાવવા, રમાડવા, ગૃહ ઉદ્યોગ શીખવવા, પ્રશ્નોત્તરી દ્વારા જ્ઞાનવૃદ્ધિ કરવા તથા પોતાના સામર્થ્ય અનુસાર પારિવારિક કાર્યોમાં મદદ કરવા માટે તત્પર રહેવું જોઈએ.નવી પેઢીને જો ઉચ્ચ શિક્ષણ આપી શક્વાની, તેના માટે વારસામાં અઢળક સંપત્તિ મૂકી જવાની આપણી સ્થિતિ ન હોય તો કોઈ વાંધો નથી, પરંતું તેને જો સદ્ગુણી, સુસંસ્કારી બનાવી દેવામાં આવે તો તેઓ દરેક પરિસ્થિતિમાં સુખી રહી શકશે તે બાબતે નિશ્ચિત રહેવું જોઈએ.

# નવું વર્ષ - નવો ઉત્કર્ષ - નવો હર્ષ

*શિક્ષણ સર્વદા આ અંકથી શરૂ કરે છે નિયમિત કોલમ 'જીત તમારી રીત અમારી' લાઇફ ઓરિએન્ટેડ અને સક્સેસ ઓરિએન્ટેડ વિચારો મોડર્ન ગુજરાતીમાં વાચકોને પિરસવામાં આવશે.*

*૧૨૫૦ કરતા વધુ સેમિનાર, ૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને માર્ગદર્શન, ૧.૫ લાખ કરતા વધુ વાલીઓને સંબોધન અને 30 હજાર કરતા વધુ શિક્ષકોને તાલિમ તેમજ ૨૦ હજાર કરતા વધુ વ્યક્તિઓને કોર્પોરેટ ટ્રેનિંગ આપનાર 'પિયુષ-પરેશ'ની યુવા મોટિવેટર જોડી હવે વહેંચશે એના વિચારો આપણી સાથે.*

*પિયુષ જોષી*
*૯૮૩૩૦૮૬૮૬૪*

*ડૉ. પરેશ સવાણી*
*૯૯૦૯૦૧૯૫૪૧*



# જીત તમારી રીત અમારી

જે બહાર જુએ છે એ ઝંખે છે
જે અંદર જુએ છે એ જાગે છે

ઉઠવું શારીરિક ક્રિયા છે. જાગવું એ આંતરિક ક્રિયા છે. જે પોતાની જાતની અંદર પ્રવેશે છે એ પોતાની નવી ભાત અને પોતાના માટે નવી પ્રભાત લઇ આવે છે. જે અંદરથી અને અંતરથી જાગે છે એ જ નવી સમજણ, નવી દ્રષ્ટિ, નવી દિશા અને નવી શક્યતાઓ લઇ બહાર જોઇ શકે છે. ઓશો રજનીશએ ખૂબ માર્મિક વાત કહી હતી, 'જીવનથી ભાગો નહીં, પણ જાગો'

**સેલ્ફનું સર્જન અને સેલ્ફની સર્જરી**

અંદર જોવું એટલે....સેલ્ફનું સર્જન અને સેલ્ફની સર્જરી. જેણે પોતાનું ઘડતર કરવું છે એણે સતત આ બે પ્રક્રિયા કરવી પડે છે. આપણા લાઇફ ડેવલપમેન્ટ ગુરુ એટલે કે, ઋુષિમુનિઓથી લઇને મોર્ડન મોડર્ન મેનેજમેન્ટ ગુરુ આપણને નિયમિત એક પ્રેક્ટિસ કરવાનું ભારપૂર્વક કહે છે અને પોતાની જાતને મળવાનું ચૂકી જઇએ છીએ. સ્ટીફન કોવી આને જ ઇનસાઇડ આઉટ કહે છે. બિલગેટ્સ, રતન ટાટા, સ્ટીવ જોબ્સ, અઝીમ પ્રેમજી જેવા બેસ્ટ બિઝનેસમેન સમયાંતરે સમય કાઢી પોતાની જાતને મળવાનું આયોજન કરતા હોય છે. જે મેનેજમેન્ટમાં થીંક વેકેશન તરીકે પ્રચલિત છે.

**હોકાયંત્ર કે ઝોકાયંત્ર**

અંદર જોવું એટલે ઇશ્વરે આપણને પ્રત્યેક વ્યક્તિને પોતાનું આલાયદું હોકાયંત્ર આપ્યું છે. જે આપણી ભીંતર ચોવીસ કલાક કામ કરતું રહે છે. તેને થોડા થોડા સમયે જોવું જરૂરી છે. આ હોકાયંત્રથી સેલ્ફ ડાયરેક્ષન મળે છે અને સેલ્ફ કરેક્ષનને બળ મળે છે. ઘણાં લોકો હોકાયંત્રને સ્થાને ઝોકાયંત્રની શરણાગતિ સ્વીકારે છે અને એટલે અધોગતિ સાથે પનારો પડે છે. આપણી અંદર રહેલું હોકાયંત્ર જીવનને દિશા આપવાનું સૌથી મહત્વનું કાર્ય કરે છે. હોકાયંત્રનો ઉપયોગ જીવનને ક્રિએટિવ અને પ્રોડક્ટિવ બનાવે છે.

**આ હોકાયંત્ર દ્વારા સેલ્ફ ડાયરેક્ષન મેળવીએ અને સેલ્ફ કરેક્ષન કેળવીએ-**

એક શિક્ષક પોતાના વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. એક ખેલાડી- પોતાના પરફોર્મન્સને એક્સેલન્સ સુધી પહોંચાડી શકે છે. એક ડૉક્ટર- પોતાની એક્સપર્ટીસની ઉંચાઇ પ્રાપ્ત કરી સેવા આપી શકે છે. એક વિદ્યાર્થી - પોતાની સ્ટડી દ્વારા કરિયરના એવરેસ્ટનું આરોહણ કરી શકે છે. એક વેપારી - પોતાના બિઝનેસને વિકસાવી સ્વ થી સર્વ સુધી વિસ્તારી શકે છે. એક અધિકારી પોતાની પાસે આવતી ફાઇલમાં છુપાયેલા શહેરના કે દેશના ડેવલપમેન્ટને સમજી સ્માઇલથી આગળ વધારી શકે છે. એક ગૃહિણી પોતાના રોજિંદા કાર્યમાં નિરંતર સુધારા કરી પરિવારને વિકાસની દિશા આપી શકે છે. એક કર્મચારી પોતાના કૌશલ્ય અને આવડતને નિખાર આપી શ્રેષ્ઠ સિદ્ધિઓ મેળવી શકે છે.

**સ્ટોરી-ગ્લોરી**

એક ગામમાં એક દાદાની હાથમાં પહેરવાની ઘડિયાળ ખોવાય ગઇ. દાદાને ઘડિયાળ ખૂબ વહાલી હતી. ઘડિયાળ શોધવા માટે દાદાએ ઘરનો પ્રત્યેક ખૂણો શોધી કાઢ્યો પણ તેમને ઘડિયાળ મળી નહીં. એમને વિચાર આવ્યો કે હું નાના બાળકોની મદદ લઉં જેથી તે પોતે જ્યાં નથી જોઇ શક્તાં કે નથી જઇ શક્તાં ત્યાં બાળકો જોઇ શકશે અને જઇ શકશે. એમણે બાળકોને લાલચ આપી કે જે મારી ઘડિયાળ સોધી આપશે તેને હું ખૂબ ચોકલેટ્સ આપીશ.

બાળકો તો ચોકલેટ્સની લાલચમાં આવી ઘરનાં બધાં જ રૂમમાં ફરી વળ્યા, પરંતુ ખૂબ બધા પ્રયાસો પછી પણ તેમને ઘડિયાળ મળી નહીં. તેથી નિરાશ તઇ કાર્ય પડતું મૂકી રૂમમાંથી બહાર નીકળી ગયા. થોડીવાર પછી એક બાળકે દાદા પાસે આવી કહ્યું, ' હું આપની ઘડિયાળ શોધી આપું પણ શરત માત્ર એટલી કે મારી સાથે રૂમમાં બીજું કોઇ ના આવવું જોઇએ'. દાદાએ શરત મંજૂર રાખી અને બાળકે પોતાનું કામ શરૂ કર્યું. થોડીવાર પછી બાળક હાથમાં ઘડિયાળ લઇને બહાર આવ્યો. દાદાને થોડી શંકા ગઇ કે બાળકે પોતે જ ઘડિયાળ સંતાડીને પછી શોધવાનો ઢોંગ કર્યો હશે. એટલે દાદાએ શંકાશીલ થઇ પૂછ્યું, 'તેં આ ઘડિયાળ કેવી રીતે શોધી?'

બાળકે કહ્યું એ મારે માટે સરળ હતું. હું રૂમમાં ગયો અને બહારના બારી બારણા બંધ કરીને ધ્યાનપૂર્વક ઘડિયાળના ટીક ટીક અવાજ સાંભળવા પ્રયત્ન કર્યો અને ધીરે ધીરે અવાજની દિશામાં જઇને જોયું તો ઘડિયાળ મળી ગઇ.

ઓરડાની શાંતિ જેમ ઘડિયાળ શોધવામાં મદદરૂપ થઇ તેમ મનની શાંતિ જીવનની સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થતી હોય છે. બહારની 'કટ-કટ'થી થોડા આગળ જઇને જાતને મળીએ તો શક્યતાઓના ટકોરાની 'ટક-ટક' સાંભળી શકીએ.

સેલ્ફ અપોઇન્ટમેન્ટથી સેલ્ફ ઇમ્પ્રુવમેન્ટના દરવાજા ખૂલતાં હોય છે. રોજિંદા રૂટિનમાંથી બહાર આવી થીંક વેકેશન, થીંક ડે, થીંક અવર કે પછી થીંક મિનિટ્સ તેમને સેલ્ફનું સર્જન અને સેલ્ફની સર્જરીમાં મદદરૂપ થશે એની પૂરી ગેરેન્ટી છે. તમારું હોકાયંત્ર તમારા અને તમારા કાર્યના વ્યવસ્થાતંત્રને ઉજળું કરી શખે છે.

**વીનિંગ સ્ટ્રોક :** બહારની અપાર શક્યતાઓ સાથે 'કનેક્ટ' થવા તમારી ભીંતરની શક્તિઓને 'કલેક્ટ' કરી બંધિયાર માન્યતાઓને 'કરેક્ટ' કરવી પડે છે.

email : shikshansarvada@gmail.com

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

# શિક્ષણ સર્વદા

its all about EDUCATION

# ૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૧૮

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

## પી.જી.મેડિકલ પ્રવેશ: નીટ માટે દોઢ લાખથી વધુ ઉમેદવારોનું રજિસ્ટ્રેશન

પોસ્ટ ગ્રેજયુએશન મેડિકલમાં પ્રવેશ માટે આગામી તા.૭મી જાન્યુઆરીએ લેવાનારી નીટ માટે રજિસ્ટ્રેશન કરાવવાની મુદત પૂર્ણ થઇ ચૂકી છે. ગતવર્ષે અંદાજે દોઢ લાખ વિદ્યાર્થીઓએ પી.જી.નીટ આપી હતી. જેની સામે આ વખતે પી.જી.નીટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય તેવી શકયતા છે. અત્યાર સુધી પી.જી. મેડિકલમાં પ્રવેશ માટે સળંગ આઠ દિવસ સુધી નીટ લેવામાં આવતી હતી. જેના બદલે હવે એક જ દિવસે તમામ ઉમેદવારોની પરીક્ષા લેવાશે. પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે ગત વર્ષથી નીટ ફરજિયાત કરી દેવામાં આવી છે. ગયા વર્ષે પહેલુઙ્ઢ વર્ષ હોવાથી નીટના કારણે અનેક વિવાદો ભા થયા હતા. જેમાં ઈન સર્વિસ ડોક્ટરો માટેની બેઠક અને યુનિવર્સિટી પ્રેફરન્સ માટે પણ વિવાદ થયો હતો. આ ઉપરાંત ગયા વર્ષે પી.જી. નીટ આપવા માટે વિદ્યાર્થીઓએ સળંગ એક સપ્તાહનો સમય અપાયો હતો. વિદ્યાર્થીઓ પોતાની અનુકુળતા પ્રમાણે જે તે દિવસે નીટ આપી શકતા હતા. પરંતુ આ વખતે જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તે તમામે એક જ દિવસે નીટ આપી દેવાની રહેશે. રજિસ્ટ્રેશન માટે તા.૩૧મી ઓકટોબરથી ૨૭ નવેમ્બર સુધીમાં વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન કરવાની સૂચના અપાઈ હતી. જેમાં દોઢ લાખથી વધારે રજિસ્ટ્રેશન થયું હોવાનું સૂત્રો કહે છે. ગુજરાતમાં પી.જી.ની ૧૬૦૦ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો પર પ્રવેશ માટે દરેક વિદ્યાર્થીઓએ નીટ આપવી પડે છે. મહત્વની વાત એ કે અગાઉ દરેકને અલગ અલગ પ્રઁપત્ર અપાતા હતા. પરંતુ હવે નીટ આપનારા તમામ વિદ્યાર્થીઓએ એક જ સમયે એક સરખા પેપર અપાશે.

## સરકારનું ખાનગી સ્કૂલોમાં ફી નિયમન યોગ્ય: ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

રાજય સરકારના ફી નિયમનના કાયદાને પડકારતી વિવિધ અરજીઓ પર આજે ગુજરાત હાઈકોર્ટ રાજય સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો છે. ખાનગી શાળાઓની નફાખોરીને રોકવા રાજય સરકારે ફી નિયમન અંગે કાયદો બનાવ્યો હતો, જેની સામે વિવિધ શાળા સંચાલકોએ હાઈકોર્ટમાં કરેલી અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી છે.

હાઈકોર્ટે જણાવ્યું કે, રાજય સરકારને કાયદો બનાવવાની તમામ સત્તા છે. તેનાથી કોઈ બંધારણીય અધિકારોનું હનન થતું નથી. ફી નિયમન સમિતિઓ અંગે સરકારનું નોટિફિકેશન યોગ્ય છે. ૬ અઠવાડિયામાં શાળાઓ ઓથોરિટી સમક્ષ અરજી કરી શકે છે. હાઈકોર્ટે ફી નિયમન અંગેનો સુધારો ૨૦૧૮થી લાગુ કરવાનું પણ ફરમાન જારી કર્યું છે.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, શાળાઓ નફાખોરી કરી શકશે નહીં. શિક્ષણની ગુણવત્તા માટે ફી વધારા અંગે ખાનગી શાળાઓ અરજી કરી શકશે. તેના પર ફી નિર્ધારણ સમિતિ નિર્ણય લેશે. હાઈકોર્ટે આ ચુકાદા પર સ્ટે આપવાની શાળા સંચાલકોની માંગ ફગાવી દીધી છે. રાજય સરકારના નવનિયુક્ત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, હાઈકોર્ટના ચુકાદો કોંગ્રેસ અને રાહુલ ગાંધીને જવાબ છે. રાજય સરકાર હાઈકોર્ટના ચુકાદાનું પાલન કરશે. હવે શાળા સંચાલકોની દાદાગીરી નહીં ચાલે.

સરકાર અને શાળા સંચાલકો વચ્ચેની ફી નિયમનને લઈને થયેલી રજૂઆત પર માલેતુજાર વાલીઓએ પણ હાઈકોર્ટમાં અરજીઓ કરી હતી, જેમાં વાલીએ જણાવ્યું કે અમારા બાળકોને શાળાઓમાં મળતી સુવિધાઓ અને શાળાઓમાં થતી પ્રવૃતિઓ પર કાપ આવશે. અમારા બાળકોના ભણવાના અધિકારને પણ રક્ષણ આપો. ફી ઓછી કરવી પડશે તો ઘણી શાળાઓ બંધ થઈ જશે અથવા સુવિધાઓ ઘટાડશે.

## કાયદો બન્યાના નવ માસ બાદ પણ સ્કૂલોની ફી અધ્ધરતાલ!

ગુજરાત વિધાનસભામા માર્ચ૨૦૧૭માં ખાનગી સ્કૂલ ફી નિયમન વિધેયક પસાર કરવામાં આવ્યું હતું અને આ વિધેયક પસાર થયાને ૯ માસ જેટલો સમય થઈ ગયો છતાં હજુ સુધી તેનો યોગ્ય રીતે અમલ થયો ન હોઈ વાલીઓમાં રોષ ફેલાયો છે. તત્કાલીન શિક્ષણમંત્રીએ ચાલુ વર્ષથી જ તેનો અમલ કરવામાં આવશે તેવી મોટી જાહેરાત કરી હતી. પરંતુ હવે પ્રથમ શૈક્ષણિક સત્ર પૂર્ણ થઈ ચૂક્યું છે અને બીજા શૈક્ષણિક સત્ર પણ અડધુ પૂરું થવા આવ્યું છે, પરંતુ હજુ સુધી એક પણ સ્કૂલની ફી નક્કી કરવામાં આવી નથી. ફી કમિટીએ પણ તમામ સ્કૂલોનું હિયરિંગ પૂર્ણ કરી લીધું છે પરંતુ ફી જાહેર કરી ન હોઈ હવે ફરી વાલીઓ અને સ્કૂલો વચ્ચે ઘર્ષણ શરૂ થશે.

ગુજરાત વિધાનસભાના ફેબ્રુઆરીમાર્ચ ૨૦૧૭ના બજેટ સત્રમાં ખાનગી સ્કૂલ ફી નિયમન વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. જેમાં ખાનગી પ્રાથમિક સ્કૂલોની ફી રૂ.૧૫ હજાર, માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલની ફી રૂ. ૨૭ હજાર નક્કી કરાઈ છે. જોકે, જે સ્કૂલો આ ફી કરતા વધુ ફી લેવા માંગતી હોય તેમણે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે અને તેના આધારે ફી કમિટી તે સ્કૂલોની ફી નક્કી કરશે તેવો નિર્ણય લેવાયો હતો.

જોકે, આ નિર્ણય બાદ અનેક સ્કૂલો કોર્ટમાં ગઈ હતી અને અનેક સ્કૂલોએ કમિટી સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી કમિટી દ્વારા આ સ્કૂલોનું હિયરિંગ હાથ ધરવાનું શરૂ કર્યુ હતું. જેમાં હિયરિંગ પૂર્ણ થયા બાદ પણ હજુ સુધી એક પણ સ્કૂલની ફી નક્કી કરાઈ નથી. અગાઉ સરકારે કમિટીને ફી નક્કી કરવા માટે ૯૦ દિવસનો સમય આપ્યો હતો. પરંતુ ત્યાર બાદ મુદત વધારી ૧૨૦ દિવસ કરી હતી. પરંતુ આ સમય મર્યાદા પણ પૂર્ણ થયા બાદ પણ હજુ સુધી સ્કૂલોની ફી નક્કી કરવામાં આવી ન હોઈ વાલીઓમાં રોષ ફેલાયો છે.

એક બાજુ ફી કમિટી દ્વારા સ્કૂલો કોર્ટમાં ગઈ હોવાથી ફી નક્કી કરવામાં આવી નથી. બીજી બાજુ સ્કૂલો પોતાની રીતે જ ચાલુ વર્ષની ફી ઉઘરાવી રહી છે અને આગામી વર્ષની ફીમાં પણ પોતાની રીતે જ વધારો કરી દીધો હોવાથી વાલીઓમાં આક્રોશ ફેલાયો છે. આ મુદ્દે વાલીઓ હવે ફરી રસ્તા પર ઉતરવાનું આયોજન કરી રહ્યા છે. જેથી આગામી દિવસોમાં ફરી એકવાર વાલીઓ અને સ્કૂલ સંચાલકો વચ્ચે ઘર્ષણના બનાવો જોવા મળી શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

## ગુજરાત બોર્ડની પરીક્ષાઓ ૧૨ માર્ચથી શરૂ થઈને ૨૩મીએ પૂર્ણ થશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામા માર્ચ૨૦૧૮માં લેવાનારી ધોરણ૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. બોર્ડની પરીક્ષાઓ ૧૨ માર્ચથી શરૂ થશે અને ૨૮ માર્ચના રોજ પૂર્ણ થશે. માર્ચ૨૦૧૭ની બોર્ડની પરીક્ષા ૧૫ માર્ચથી શરૂ થઈ હતી. એટલે કે આ વખતે ત્રણ દિવસ વહેલા પરીક્ષા લેવાશે. બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી ૧૭.૧૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાઈ ચુક્યા છે અને હજુ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની નોંધણીની કાર્યવાહી ચાલુ હોઈ આ આંકડો વધશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આ વખતે ધોરણ-૧૨ સાયન્સમાં પ્રથમ વખત સેમેસ્ટર સિસ્ટમ વગર બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવનાર છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. ધોરણ-૧૨ સાયન્સમાં આ વખતે પ્રથમ વખત સેમેસ્ટર સિસ્ટમ વગર પરીક્ષા લેવામાં આવનાર છે. સાયન્સની પરીક્ષા ૧૨ માર્ચથી શરૂ થશે અને ૨૨ માર્ચના રોજ પૂર્ણ થશે. સાયન્સમાં મહત્વના પેપરો વચ્ચે એક દિવસ રજા આપવાની પરંપરા બોર્ડ દ્વારા જાળવી રાખવામાં આવી છે. સાયન્સમાં પ્રથમ ત્રણ મુખ્ય વિષયની પરીક્ષા લેવાશે અને છેલ્લુ પેપર જીવ વિજ્ઞાનનું રાખવામાં આવ્યું છે.

ધોરણ૧૦ની પરીક્ષા પણ ૧૨ માર્ચથી શરૂ થશે અને ૨૩ માર્ચના રોજ પૂર્ણ થશે. ધોરણ૧૦ની પરીક્ષામાં પણ મહત્વના વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થીઓને એક દિવસમો ગેપ આપવામાં આવ્યો છે. જયારે ધોરણ૧૦ના સૌથી અઘરા ગણાતા ગણિત વિષય માટે વિદ્યાર્થીઓને ત્રણ દિવસનો ગેપ મળી રહેશે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૨ માર્ચથી શરૂ થશે અને ૨૮ માર્ચના રોજ પૂર્ણ થશે. સામાન્ય પ્રવાહમાં વિષયોની સંખ્યા ખુબ જ વધુ હોવાથી બોર્ડ દ્વારા તેમાં રજા આપવામાં આવી નથી.

બોર્ડની પરીક્ષા માટે ધોરણ૧૦માં ૧૧.૦૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત પરીક્ષા કરતાં ૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે. જયારે ધોરણ-૧૨ સાયન્સમાં આ વખતે ૧.૩૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. જયારે ગત પરીક્ષામાં ૧.૪૧ લાખ જેટલા વિદ્યાર્થીઓ સાયન્સની પરીક્ષા માટે નોંધાયા હતા. આમ, સાયન્સની પરીક્ષામાં ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઘટ્યા છે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે અત્યાર સુધી ૪.૭૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે.

## સાયન્સની ખાસ પરીક્ષા : ૨૦ હજાર છાત્રો

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સાયન્સ સેમેસ્ટર ૧થી ૪નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને સાયન્સ સેમેસ્ટર૧થી ૪ની પરીક્ષાના તમામ વિષયોમાં ઉપસ્થિત રહ્યા બાદ વિદ્યાર્થી નાપાસ થયો હોય. ઉપરાંત જુલાઈ૨૦૧૭ અને તે પહેલાની જુલાઈની પુરક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની ખાસ પરીક્ષા લેવાનું બોર્ડે નક્કી કર્યુ છે. આ ખાસ પરીક્ષા એપ્રિલ૨૦૧૮માં જે તે જિલ્લાના મથકના પરીક્ષા કેન્દ્ર ખાતે લેવામાં આવશે. આ પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા વિદ્યાર્થીઓએ ૩૧ ડિસેમ્બર સુધીમાં બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમ બોર્ડ દ્વારા જણાવાયું હતું. આમ, મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ખાસ પરીક્ષા માટે નોંધાયા છે.

### ધો.૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૧૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | ભૌતિક વિજ્ઞાન |
| ૧૪-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | રસાયણ વિજ્ઞાન |
| ૧૬-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | ગણીત |
| ૧૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | પ્રથમભાષા, દ્વીતીયભાષા, સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| | ૩થી ૫.૧૫ | કમ્પ્યુટર એજયુકેશન |
| ૨૦-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | અંગ્રેજી (પ્રથમ દ્વીતીય ભાષા) |
| ૨૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૩૦ | જીવ વિજ્ઞાન |

### ધો. ૧૦ની પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૧૨-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | પ્રથમ ભાષા |
| ૧૪-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | વિજ્ઞાન અને ટેક્નોલોજી |
| ૧૬-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | સામાજિક વિજ્ઞાન |
| ૨૦-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | ગણીત |
| ૨૧-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | ગુજરાતી (દ્વીતીય ભાષા) |
| ૨૨-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | અંગ્રેજી (દ્વીતીય ભાષા) |
| ૨૩-૩-૨૦૧૮ | ૧૦થી ૧.૨૦ | દ્વીતીય ભાષા |

### ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૧૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | નામાનાં મુળતત્વો |
| ૧૩-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | તત્વજ્ઞાન |
| ૧૪-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | આંકડાશા સ્ત્ર |
| ૧૫-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | ભૂગોળ |
| ૧૬-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | અર્થશા સ્ત્ર |
| ૧૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | વાણિજય વ્યવસ્થા |
| ૨૦-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | મનોવિજ્ઞાન |
| ૨૧-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | પ્રથમ ભાષા |
| ૨૨-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | હિન્દી દ્વીતીય ભાષા |
| ૨૩-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | ગુજરાતી અંગ્રેજી (દ્વીતીય ભાષા) |
| ૨૪-૩-૨૦૧૮ | ૩થી ૫.૧૫ | કમ્પ્યુટર પરિચય |
| ૨૭-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| ૨૮-૩-૨૦૧૮ | ૩થી ૬.૧૫ | સમાજશાસ્ત્ર |

**SHIKSHAN SARVADA : Year : 12, Issue: 267,** Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.